RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 214* Date: 01.06.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોનામાં ભારતની સ્થિતિ દુનિયાના અન્ય દેશોની તુલનાએ ખૂબ જ સારી

# મન કી બાતમાં મોદીનો લાચાર શ્રમિકો પ્રત્યેનો દર્દ છલકી ઉઠયો

ન્યુ દિલ્હી,તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે મન કી બાત રેડિયો કાર્યક્રમમાં કોરોના મહમારીને રોકવા સમગ્ર દેશમાં અમલી બનાવાયેલા લોકડાઉન-૧થી ૪ દરમ્યાન દેશના લાખો ગરીબો તેમજ ખાસ કરીને બીજા રાજ્યોમાં રોજગાર માટે ગયેલા લાખો-કરોડો શ્રમિકોની પોતાના રાજ્ય કે ઘરે પરત પહોંચવામાં પડેલી તકલીફો અને મુશ્કેલીઓની વ્યથાને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી, એમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌ પ્રથમવાર જાહેર કરીને તેમના પ્રત્યે પોતાની અને સરકારની સંવેદનાઓ પ્રગટ કરી હતી.

વડાપ્રધાન મોદીએ મહિનાના છેલ્લાં રવિવારે રેડિયોના માધ્યમથી તેમના રજૂ થતાં કાર્યક્રમ મન કી બાતમાં આજે મે માસના છેલ્લાં રવિવારે રાષ્ટ્ર જોગ સંબોધનમાં કોરોના મહમારી, શ્રમિકો, સેવાભાવી સંગઠનો, કોરોના વોરિયર્સ વગેરે.નો ઉલ્લોખ કરીને પોતાના વિચારો દર્શાવ્યાં હતા.

આજે ૩૧મીએ રવિવારે સવારે ૧૧ વાગે કરેલા સંબોધન પર સૌ કોઈની નજર રહેલી હતી કે વડાપ્રધાન લોકડાઉન અંગે કોઇ જાહેરાત કરશે. તેમણે વિવિધ વિષયોને આવરી લઇને એ બાબતનો સ્વીકાર કર્યો કે, કોરોના વાયરસ મહામારીની અસર સમાજના દરેક વર્ગને થઈ છે અને તેમાં પણ ગરીબો સૌથી વધુ પ્રભાવિત થયા હોવાનો ઉલ્લેખ તેમણે આ કાર્યક્રમમાં કર્યો હતો. દરેક લોકો ગરીબોને મદદરૂપ થવા પ્રયાસ કરી રહ્યા છે. તદઉપરાંત રેલવ દ્વારા નોંધપાત્ર પરપ્રાંતિય શ્રમિકોને પોતાના વતન પહોંચવામાં મદદ કરી હોવાની વાત પણ મન કી બાતમાં મોદીએ કરી હતી.



મહામારીના સમયમાં ગરીબોને પડેલી મુશ્કેલી આત્મનીરિક્ષણનું કારણ બની ગઈ છે અને ભવિષ્ય માટે એક શીખ પણ આપી જાય છે. દેશના પૂર્વોત્તર ભાગની સમસ્યાનો ઉલ્લેખ કરતા પીએમે કહ્યું કે તે અન્ય ક્ષેત્રોની તુલનાએ વિકાસમાં પાછળ રહી ગયું છે. કોવિડ ૧૯ની અસર વિશ્વના દરેક ખૂણે થઈ છે અને ભારત પણ તેમાંથી બાકાત રહ્યું નથી જો કે ભારતની સ્થિતિ દુનિયાના અન્ય દેશોની તુલનાએ ઘણી સારી હોવાનું પણ વડાપ્રધાને જણાવ્યું હતું. દેશના દરેક ભાગમાં રહેલા લોકોનો નવીનતા માટેનો જુસ્સો તેમજ સેવાભાવનાને પણ પીએમએ બિરદાવી હતી.

વડાપ્રધાને કહ્યુ અમારી સૌથી મોટી શક્તિ દેશવાસીઓની સેવા છે. આપણે ત્યાં સેવા પરમો ધર્મ કહેવામાં આવે છે. અન્ય લોકોની સેવામાં લાગેલી વ્યક્તિમાં કોઈ ડિપ્રેશન દેખાતુ નથી. તેમના જીવનમાં જીવંતતા સ્પષ્ટપણે દેખાઈ આવે છે. ડોક્ટર, મીડિયા, નર્સિંગ સ્ટાફ, પોલીસ કે જેઓ સેવા કરી રહ્યા છે તેમના વિશે ઘણી વખત હું વાત કરી ચુક્યો છું. તેમની સંખ્યા અગણિત છે. દેશના અનેક વિસ્તારોમાંથી સેવાભાવી લોકોની માહિતી મળી રહી છે. આપણી માતા-બહેનો લાખોની સંખ્યામાં માસ્ક તૈયાર કરી રહી છે. કેટલાક લોકોએ નમો એપ પર તેમના પ્રયાસો અંગે માહિતી આપી છે. હું સમયના અભાવને લીધે આ લોકોના નામ લઈ શકતો નથી પણ તેમને હૃદયપૂર્વક અભિનંદન કરું છું.

વડાપ્રધાન મોદીએ આજે રવિવારે, લોકડાઉન-૫ કે જેને હવે અનલોક-૧ એવું નામ આપવામાં આવ્યું છે તે અંગેના ઉલ્લેખખ વચ્ચે ત્રીજી વખત ‘મન કી બાત‘માં તેમણે કહ્યું કે દેશમાં અર્થતંત્રનો મોટો હિસ્સો ખુલી ગયો છે, આ સંજોગોમાં સાવધાની રાખવાની જરૂર છે. બે ગજ અંતર, માસ્ક લગાવવા જેવી બાબતને લઈ ઉદાસીન વલણ અપનાવવું જોઈએ નહીં. આપણા દેશની વસ્તી અન્ય દેશોની તુલનામાં વધારે છે, માટે પડકારો પણ એટલા જ છે. પણ આપણે ત્યાં ખૂબ જ ઓછું નુકસાન થયું છે. આપણે સૌ જે પણ બચાવી શક્યા છીએ તે સામૂહિક પ્રયાસોથી શક્ય બન્યું છે.

તેમણે કહ્યું કે સમાજનો કોઈ વર્ગ એવો નથી કે જે કોરોનાની મહામારીની અસરથી મુક્ત હોય. ગરીબ વર્ગ પર તેની સૌથી વધારે માઠી અસર થઈ છે. આપણા પૈકી કોણ એવું હશે કે જે તેમની તકલીફને ન સમજી શકતા હોય. સમગ્ર દેશ તેમની તકલીફને સમજી શકે છે. તમામ વિભાગના કર્મચારી તેમના માટે સતત કાર્યશીલ છે.

વડાપ્રધાને અનલોક- વન સાથે જ અર્થતંત્રને ખોલવાના સરકારના પ્રયાસોને ટાંકીને જણાવ્યું કે હવે લોકોએ વધુ સતર્કતા રાખવી પડશે તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક પહેરવાના નિયમોનું અચુક પાલન કરવું પડશે.

દેશના અર્થતંત્રના મોટાભાગને ખોલી દેવામાં આવ્યો છે, એમ કહીને તેમણે વધુમાં કહ્યું કે, રેલવે અને ડોમેસ્ટિક એર ટ્રાવેલ પણ શરૂ થઈ ગયું છે અને આગામી સમયમાં બાકીના ક્ષેત્રોને પણ ખોલવાની વિચારણા છે. તેથી લોકોએ આવા સમયે વધુ સાવતેજ રહેવું પડશે.

તેમણે પ્રવાસી શ્રમિકોને ટ્રેન દ્વારા તેમના ઘરે મોકલવાની કામગીરીના સંદર્ભમાં કહ્યું કે, રેલવેના કર્મચારી કોરોના વોરિયર્સ છે. શ્રમિકોને મોકલવા, ભોજન-પાણી, ટેસ્ટિંગની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. શ્રમિકો તેમના ગામો તરફ જઈ રહ્યા છે. મારું માનવું છે કે ગામોમાં હવે નવા ઉદ્યોગની સંભાવના ખુલી છે. આપણા ગામો, જીલ્લા, રાજયો આત્મનિર્ભર હોત તો સમસ્યા આ સ્વરૂપમાં આવી ન હતો, જે આજે આપણી સમક્ષ આવીને ઉભી છે.

કોરોના વાઇરસ કોવિડ ૧૯ની અસર વિશ્વના દરેક ખૂણે થઈ છે અને ભારત પણ તેમાંથી બાકાત રહ્યું નથી જો કે ભારતની સ્થિતિ દુનિયાના અન્ય દેશોની તુલનાએ ઘણી સારી હોવાનું પણ વડાપ્રધાને જણાવ્યું હતું. દેશના દરેક ભાગમાં રહેલા લોકોનો નવીનતા માટેનો જુસ્સો તેમજ સેવાભાવનાને પણ પીએમએ બિરદાવી હતી.

### કુલ પોઝિટિવ કેસનો આંકડો ૧.૮૦ લાખને પાર,ત્રણ દિવસમાં ૨૫ હજાર કેસ નોંધાયા

# દેશમાં ‘કોરોના ઘાત‘ : એક જ દિવસમાં ૮,૦૦૦થી વધુ કેસથી ફફડાટ

ન્યુ દિલ્હી,તા.૩૧

ભારતમાં શનિવારે કોરોના વાયરસના કુલ પોઝિટિવ કેસનો આંકડો ૧.૮૨ લાખને પાર થઈ ગયો, ૧.૫ લાખ કેસ થયાના ત્રણ દિવસ બાદ કુલ આંકડો ૧.૭૫ લાખ પર પહોંચ્યો છે. શનિવારે સૌથી વધુ એક દિવસમાં નોંધાયેલા કેસનો આંકડો ૮૦૦૦ને પાર થઈ ગયો છે. પાછલા ૧૦ દિવસમાં ૭મી વખત સૌથી વધુ નવા કેસ નોંધાયા છે.

દેશમાં કોરોના વાયરસના કારણે મોતને ભેટેલા લોકોનો આંકડો ૫૦૦૦ને પાર થઈ ગયો છે, જેમાં શુક્રવારે ૨૭૦ લોકોના મોત બાદ શનિવારે વધુ ૨૦૦ લોકોના નોંધાયા છે. ભારતમાં કોરોના કેસનો આંકડો ૧,૮૨,૧૪૩ થઈ ગયો છે, જેમાં સરકારી આંકડા મુજબ શનિવારે વધુ ૮,૦૨૬ નવા કેસ નોંધાયા છે. જ્યારે મહારાષ્ટ્રમાં બીજા નંબરના સૌથી વધુ ૨,૯૪૦ કેસ નોંધાયા છે. ચાર રાજયોમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. જે આ પ્રમાણે છે – દિલ્હીમાં ૧,૧૬૩, તામિલનાડુમાં ૯૩૮, ઓડિશામાં ૧૨૦ અને ઝારખંડમાં ૭૧ કેસ નોંધાયા છે.

ગુજરાતમાં વધુ ૪૧૨ નવા કેસ નોંધાયા છે, પશ્ચિમ બંગાળમાં ૩૧૭, ઉત્તરપ્રદેશમાં ૨૬૨, મધ્યપ્રદેશમાં ૨૪૬, બિહારમાં ૨૦૮, હરિયાણામાં ૨૦૨, કર્ણાટકામાં ૧૪૧, આસામમાં ૧૨૮ નવા કેસ નોંધાયા છે. આ સાથે, ૪૩૦૦ કરતા વધારે કોરોનાના દર્દીઓને સાજા થયા બાદ હોસ્પિટલમાંથી રજા મળી છે, દેશમાં કુલ ૮૬,૬૯૦ લોકો કોરોના વાયરસને હરાવીને સ્વસ્થ થઈ ગયા છે.

મુંબઈ કોરોના વાયરસનું સૌથી મોટું હોટસ્પોટ બન્યું છે, જ્યાં એક દિવસમાં ૫૪ લોકોના મોત નોંધાયા. શહેરમાં કુલ ૧,૨૨૭ લોકોના મોત થઈ ગયા છે.

શનિવારે ૨,૯૪૦ કેસ નોંધાયા બાદ મહારાષ્ટ્રમાં કોરોના વાયરસનો આંકડો ૬૫,૧૬૮ થયો છે, ૨૨મી મેએ નોંધાયેલા એક દિવસના સોથી વધુ કેસ જેટલો આંકડો શનિવારે વધ્યો છે. જ્યારે ૨૪મી મેના રોજ એક દિવસમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૩,૦૪૧ કેસ નોંધાયા હતા.

વધુ ૨૭ મોત સાથે ગુજરાત દેશમાં બીજા નંબરે આવતું રાજ્ય બન્યું છે જ્યાં ૧૦૦૦ કરતા વધારે લોકોના કોરોના વાયરસના કારણે મોત થઈ ગયા છે. ગુજરાતમાં કોરોના વાયરસના કારણે થતા મોતની ટકાવારી ૬.૨% છે.

ગુજરાત ચોથા નંબરનું રાજ્ય બન્યું છે જયાં કુલ કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૧૬,૦૦૦ને પાર થઈ ગયો છે. રાજ્યમાં ત્રણ દિવસમાં ૧૦૦૦ કેસ નોંધાયા છે, જ્યારે ચાર દિવસમાં ૧૦૦નાં મોત નોંધાયા છે. ગુજરાતમાં ૨૩મી માર્ચે પહેલું મૃત્યુ નોંધાયા બાદ સરેરાશ લગભગ રોજના ૧૫ લોકોના મોત થઈ રહ્યા છે. પાછલા ૨૪ કલાકનો આંકડો જોઈએ તો અમદાવાદમાં સરેરાશ દર એક કલાકે એક મોત નોંધાયું છે.

### ગુજરાત-મહારાષ્ટ્રની સ્થિતિ ભયજનક

# લોકડાઉન હળવુ કરવુ ઘાતક બન્યુ: ૩ દિવસમાં ૨૫૦૦૦ કેસો નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૩૧

દેશમાં કોરોના વાયરસની ગતિ ડરાવી રહી છે. મે મહિનાનાં છેલ્લા ૧૦ દિવસમાં નવા કેસોમાં જે રીતે વધારો થયો છે તેના કારણે ચિંતા બમણી થઈ છે. કોવિડ -૧૯ સાથેની પરિસ્થિતિ કેટલી ખરાબ છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે છેલ્લા ત્રણ દિવસમાં ૨૫ હજારથી વધુ કેસ નોંધાયા છે. રવિવાર અને શનિવારે ભારતમાં પહેલી વખત એક જ દિવસમાં કોરોનાના ૮,૦૦૦થી વધુ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૧૦ દિવસમાંથી ૭ દિવસ નવા કેસની સંખ્યાએ રેકોર્ડ તોડ્યો છે. ભારતમાં ૫,૦૦૦થી વધુ કોરોના વાયરસ દર્દીઓનાં મોત નીપજ્યાં છે.

લોકડાઉનમાં ઢીલની વચ્ચે ભારતમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. દેશમાં કોરોનાના સંક્રમિતોનો કુલ આંક ૧.૮૨ લાખ પર પહોંચી ગયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયની તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા રવિવાર સુધીમાં એટલે કે આજ સુધીમાં ૧૮૨૧૪૩ થઈ ગઈઈ અને આ વાયરસથી અત્યાર સુધીમાં ૫૧૬૪ લોકોના મોત થયા છે. છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૮૩૮૦ નવા કેસ સામે આવ્યા અને ૧૯૩ લોકોના મોત થયા છે. જ્યારે રાહતના સમાચાર એ છે કે ૮૬૯૮૪ દર્દીઓ કોરોનાને માત આપવામાં સફળ થયા છે.

મુંબઈ દેશનું સૌથી ખતરનાક હોટસ્પોટ બની ચૂકયું છે. અહીં શનિવારે ૫૪ લોકોનાં મોત થયાં હતા જે એક દિવસનો રેકોર્ડ છે. કોરોનાથી આ મહાનગરમાં અત્યાર સુધીમાં ૧,૨૨૭ લોકોએ જીવ ગુમાવ્યો છે. શનિવારની રાત સુધીમાં મહારાષ્ટ્રમાંથી ૬૫,૧૬૮ કેસ નોંધાયા હતા.

રાજ્યમાં ૩૪ હજારથી વધુ એક્ટિવ કેસ છે. તે જ રીત ગુજરાતમાં શનિવારે ૪૧૨ નવા કેસ નોંધાયા હતા અને ૨૭ દર્દીઓનાં મોત નીપજયાં હતાં. મહારાષ્ટ્ર પછી તે દેશનું બીજું રાજ્ય બન્યું છે જ્યાં કોરોનાથી મૃત્યુઆંક એક હજારને વટાવી ગયો છે. ગુજરાતનો મૃત્યુદર (૬.૨%) ખૂબ જ ટેન્શન આપી કરાવી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં દર કલાકે એક દર્દીનું મોત નીપજ્યું હતું. ગુજરાત ૧૬,૦૦૦ કેસનો આંકડો પાર કરનાર દેસનું ચોથું રાજ્ય છે.

### ટ્રમ્પે જી-૭માં ભારત સહિત અન્ય દેશોને સામેલ કરવાની માગ કરી

# ટ્રમ્પે જૂનમાં યોજાનારી જી-૭ સમિટને સપ્ટેમ્બર સુધી મોકૂફ રાખી

**જર્મનીના ચાન્સેલરે પણ જ્યાં સુધી કોરોનાનો અંત નહીં આવે ત્યાં સુધી સંમેલનમાં સામેલ નહીં થાય તેમ કહેલું**

વોશિંગ્ટન,તા.૩૧

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતે જી-૭ સંમેલનને હાલ પૂરતું સપ્ટેમ્બર મહીના સુધી ટાળી રહ્યા છે તેવી જાહેરાત કરી હતી. તેના પહેલા તેઓ ભારત, ઓસ્ટ્રેલિયા, રૂસ અને દક્ષિણ કોરિયાને બેઠક માટે આમંત્રિત કરવા ઈચ્છે છે. ઉલ્લેખનીય છે કે, ૪૬મું જી-૭ શિખર સંમેલન વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ૧૦મી જૂનથી ૧૨મી જૂન સુધી આયોજિત કરવાનો પ્રસ્તાવ હતો.

અમેરિકી રાષ્ટ્રપતિએ પોતે જી-૭ને આગામી સપ્ટેમ્બર મહીના સુધી ટાળી રહ્યા છે તેમ જણાવીને સાથે જ ‘મને નથી લાગતું કે જી-૭ યોગ્ય રીતે વિશ્વમાં શું ચાલી રહ્યું છે તે દર્શાવે છે. તે દેશોનો એક બહું જૂનો સમૂહ છે.‘ તેવો મત દર્શાવ્યો હતો. વ્હાઈટ હાઉસના વ્યૂહાત્મક સંદેશાવ્યવહારના નિયામક એલિસા એલેક્જેંડ્રા ફરાહે જણાવ્યું કે, તે અમારા પારંપરિક સહયોગિઓને એક સાથે લાવી રહ્યું છે જેથી ચીનના ભવિષ્યને લઈ વાત કરી શકાય. જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કેલના કાર્યાલયે જ્યાં સુધી કોરોના વાયરસના પ્રસારનો અંત નહીં આવે ત્યાં સુધી પોતે શિખર સંમેલનમાં સામેલ નહીં થાય તેમ કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે, જી-૭ વિશ્વના સૌથી મોટી અને સંપન્ન અર્થવ્યવસ્થા ધરાવતા સાત દેશોનો સમૂહ છે જેમાં ફ્રાંસ, જર્મની, ઈટાલી, જાપાન, અમેરિકા, બ્રિટેન અને કેનેડા આટલા દેશોનો સમાવેશ થાય છે.

આ દેશોના પ્રમુખો આંતરરાષ્ટ્રીય અર્થતંત્ર અને મુદ્રા મુદ્દે વાત કરવા દર વર્ષે બેઠક યોજે છે. આ વર્ષે જી-૭ની અધ્યક્ષતા અમેરિકા પાસે છે. શિખર સંમેલન દરમિયાન જી-૭ અધ્યક્ષ સામાન્ય રીતે કોઈ એક અથવા બે દેશના પ્રમુખને વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરે છે. ગત વર્ષે ફ્રાંસના રાષ્ટ્રપતિ મૈક્રોંએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જી-૭ શિખર સંમેલન માટે આમંત્રિત કર્યા હતા.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૪૩૮**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૬૭૯૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૩૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૬૮૯**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૯૯૧૯**

# ભારતમાં કોરોનાથી પ્રતિ ૧૦ લાખે ૩૩.૨ લોકો સંક્રમિત થયા: ICMR

ન્યુ દિલ્હી,તા.૩૧

ભારતીય તબીબી સંશોધન પરિષદ (આઈસીએમઆર) દ્વારા લેબોરેટરી મોનિટરીંગ ડેટાના વિશ્લેષણ પ્રમાણે ભારતમાં કોરોના વાયરસના હુમલાનો દર ૦.૦૦૩૩૨ ટકા છે. મતલબ કે, ભારતમાં પ્રતિ મિલિયન (૧૦ લાખ) લોકોએ ૩૩.૨ લોકો સંક્રમિત છે. આ આંકડો અન્ય દેશોમાં હુમલાના દરથી ખૂબ જ ઓછો છે.

યુએસ નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનના અહેવાલ પ્રમાણે અમેરિકામાં આ દર ૦.૨૫૨૩ ટકા, ફ્રાંસમાં ૦.૩૩૬૪ ટકા, બ્રિટનમાં ૦.૧૯૬૨ ટકા અને કેનેડામાં ૦.૦૮૯૯ ટકા છે. આઈસીએમઆર-નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એપિડેમિયોલોજીના વૈજ્ઞાનિક ડોક્ટર તરૂણ ભટનાગરે જણાવ્યું કે, આ વિશ્લેષણ વિભિન્ન આઈસીએમઆર પ્રયોગશાળાઓના આંકડાઓ પર આધારીત અને વ્યાપક છે.

પ્રી-પ્રિન્ટ અભ્યાસમાં ભારતે ૨૨મી જાન્યુઆરીથી ૩૦મી એપ્રિલ દરમિયાન ૧.૦૨ મિલિયન થી વધુ લોકોનું પરીક્ષણ કર્યું તેમ જણાવાયું છે. અભ્યાસ પ્રમાણે કોરોનાના હુમલાનો દર ૫૦થી ૬૯ વર્ષની ઉંમર ધરાવતા લોકોમાં સૌથી વધુ ૬૩.૩ (પ્રતિ ૧૦ લાખ) અને ૧૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવનારાઓમાં સૌથી ઓછો ૬.૧ (પ્રતિ ૧૦ લાખ) છે.મહિલાઓ (૨૪.૩ પ્રતિ ૧૦ લાખ)ની તુલનાએ પુરૂષો (૪૧.૬ પ્રતિ ૧૦ લાખ) માં હુમલાનો દર વધુ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે ૨૬મી મે સુધી ભારતમાં પ્રતિ એક લાખ લોકોએ ૧૦.૭ કેસ નોંધાયા જયારે અમેરિકામાં ૪૮૬, બ્રિટનમાં ૫૦૪, બેલ્જિયમમાં ૪૯૯ અને મેક્સિકોમાં ૫૨.૨ કેસ નોંધાયા. ભારતના ૭૩૬ જિલ્લાઓમાંથી ૫૨૩ જિલ્લાઓમાં કોરોનાના કેસ નોંધાયા છે.

## તંત્રી સ્થાનેથી...

# પ્રિ - કોરોના યુગ કે પોસ્ટર કોરોના યુગ .?

એવું લાગે છે કે સમય હવે બે વિભાગોમાં વહેંચાઈ જશે. 'પ્રી-કોરોના' યુગ અને 'પોસ્ટ-કોરોના' યુગ. ચિંતા, ડર, અનિશ્ચિતતા અને તકલીફોની પેલે પાર એક સુંદર વિશ્વ આપણી રાહ જોઈ રહ્યું છે. કોરોના એક રીમાઈન્ડર છે, આપણી આદતોને સુધારવાનું. આપણા અભિગમને બદલવાનું. કશુંક પામવા માટે મુઠ્ઠીઓ વાળીને શરૂ કરેલી દોડને બ્રેક મારવાનું. કોરોનાએ એક સ્પીડ-બ્રેકરનું કામ કર્યું છે. આ સમય ધીમા પડવાનો છે. એ સમજવાનો છે કે વસ્તુઓ કરતા જીવતા મનુષ્યો વધારે મહત્વના છે. આ સમય 'હ્યુગા'નો છે.'હ્યુગા'નો સ્પેલિંગ છે ઉઁરૂય્ઈ. આ ડેનિશ સંસ્કૃતિનો શબ્દ છે અને ડેનમાર્કમાં આ શબ્દનું ખૂબ જ મહત્વ છે. 'હ્યુગા'નો અર્થ થાય છે 'હૂંફાળી ક્ષણો'. ડેનમાર્કના પર્યટન વિભાગની ઓફિશિયલ વેબસાઈટ પ્રમાણે હ્યુગા એટલે 'ગમતા લોકો સાથે ગમતી પ્રવૃત્તિનો આનંદ લેવો અને એક હૂંફાળું વાતાવરણ સર્જવું.' ઘરના બધા સભ્યો રાતે જમતી વખતે ઘરની બધી લાઈટ્સ બંધ કરીને મીણબત્તીના અજવાળામાં કેન્ડલ લાઈટ ડીનર કરે, તો એ હ્યુગા છે. ગમતા લોકો સાથે મળીને કોઈ એક મૂવી જુએ, તો એ હ્યુગા છે. હ્યુગા એટલે હેપીનેસ. ડેનિશ સંસ્કૃતિ એવું દ્રઢપણે માને છે કે એક હદથી વધારે આવક આપણું સુખ કે આપણી ક્વોલીટી ઓફ લાઈફ વધારી નથી શકતી. આપણા જીવનની મીનીમમ જરૂરીયાતો પૂર્ણ થયા પછી, આ 'હૂંફાળી ક્ષણો' જ આપણો 'હેપીનેસ ઈન્ડેક્સ' નક્કી કરતી હોય છે. હ્યુગા એટલે એવી સુખદ ક્ષણો કે એવા અનુભવો, જે આપણને આજીવન યાદ રહેવાના છે. મમ્મીના ખોળામાં માથું મૂકીને વિતાવેલો સમય, પત્ની સાથે હિંચકા પર બેસીને પીધેલી ચા, આપણા વાળમાં દીકરીના હાથે તેલ નંખાવવું, પપ્પા સાથે કોઈ જોક શેર કરીને ખડખડાટ હસવું, રસોડામાં પરાણે ઘૂસ મારીને કોઈ 'હોરિબલ' વાનગી બનાવવી, ઘરના સભ્યોનું સાથે મળીને 'હાઉસી' રમવું. આ બધી ક્ષણો હ્યુગા છે. બધાના ફોન બીજા કોઈ રૂમમાં સાયલન્ટ મોડ પર મૂકીને એકબીજા સાથે વિતાવેલી દરેક ક્ષણ હ્યુગા છે. યાદગાર ક્ષણોની રેસિપી બહુ સરળ છે. 'ફ્રિઝ'માંથી કાઢેલી કંટાળાજનક અને થીજી ગયેલી જિંદગીને, ગમતા લોકોની હૂંફ પર ધીમા તાપે ઉકાળીને, એમાં સ્વાદ-અનુસાર દરેકનો થોડો થોડો સમય ઉમેરીને, આ મિશ્રણને નવરાશની પળોમાં પ્રેમથી હલાવવું. થોડી જ વારમાં કાચી રહી ગયેલી જિંદગીમાંથી એક સ્વાદિષ્ટ વાનગી બની ગયાની સુવાસ આખા ઘરમાં અને જીવનમાં ફેલાય જશે. મજબૂરી કહો કે શીખ, આદેશ કહો કે શિસ્ત પણ હકીકત એ છે કે ઘરે રહીને યાદગાર ક્ષણો બનાવવાનો આવો ચાન્સ આપણને હજારો વર્ષોમાં એકવાર મળતો હોય છે. આવું ઈતિહાસમાં પહેલા ક્યારેય નથી થયું અને કદાચ થશે પણ નહીં. પરંતુ આપણે વૃદ્ધ થશું, ત્યારે આપણા પૌત્ર અને પૌત્રીઓને આપણે 'કોરોના-સંસ્કાર'ની વાર્તાઓ કહેતા હશું. કોરોના એક તાકીદ છે કે કદાચ આપણે ખોટી દિશામાં દોડી રહ્યા છીએ. જે પામવાની દોડમાં, ઘર છોડીને રોજ સવારે આપણે નીકળી પડીએ છીએ, હકીકતમાં એ પામવા જેવું બધું 'ઘરમાં' જ છે. અત્યાર સુધી જેમને માટે કમાયા છીએ, હવે એમને કમાવાનો સમય છે. આ વિશ્વમાં ઘરથી વધારે હૂંફાળું અને રમણીય બીજું કશું જ ન હોય શકે, અને આ પ્રતીતિનો શ્રેય કોરોનાને જાય છે.

## દૈનિક રાશીફળ

તા.૦૧-૦૬-૨૦૨૦ સોમવાર

**મેષ (અ.લ.ઈ.) :-** તમારો યોજનાબદ્ધ કાર્યક્રમ ચાલતો હોય બપોરથી તમારુ બજેટ ખોરવાઈ જાય તેવા ખર્ચા થાય ને કાર્યો અટકે.

**વૃષભ (બ.વ.ઉ.) :-** તમારા કાર્યક્ષેત્રની જંજાળોમાં ફસાયેલા હોય બપોરથી મનગમતી પ્રવૃત્તિ હાથમાં આવતા ઉત્સાહને પ્રસન્નતા વધે.

**મિથુન (ક.છ.ઘ.) :-** તમારી ગણતરી મુજબ કાર્ય થતાં દેખાય. બપોરથી વિરોધીની હેરાનગતિ વધતા અણધાર્યા ખર્ચ થાય. ચિંતા પ્રવર્તે

**કર્ક (ડ.હ.) :-** તમારા વિચારોને સાકાર કરવાનો સમય આવી ગયો છે. તમારી મહેનત ખીલી ઉઠે ને બપોરથી આર્થિકસ વળતર મેળવો.

**સિંહ (મ.ટ.) :-** તમારી તબિયતમાં ધીરે ધીરે સુધારો અકીલા થાય. બપોરથી કાર્યક્ષેત્રે નિયમિતતા જળવાય ને કાર્ય પૂરા કરવામાં વ્યસ્ત રહો.

**કન્યા (પ.ઠ.ણ.) :-** તમારી તબિયતને કારણે આરામ કરવો પડે. રોજિંદા રૂટિન કાર્ય અટકી જાય. બપોરથી ભાગ્ય સાથ ન આપે તેવું લાગે.

**તુલા (ર.ત.) :-** તમારા કાર્યક્ષેત્રે બધુ બરાબર ચાલતુ હોય. બપોરથી ખોટા વિવાદોમાં ફસાઈ જતાં માનહાનિનો પ્રસંગ ઉદ્ભવે.

**વૃશ્ચિક (ન.ય.) :-** તમે શિસ્તના આગ્રહી હોવાથી કાર્ય વ્યવસ્થિત પુરા થાય. ઓળખાણને કારણે કાર્યમાં ફાયદાવાળા ઓર્ડરો મેવળો.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** તમારા વર્તુળમાંથી તમારી બાદબાકી થઇ જાય. કાર્યક્ષેત્રે ભવિષ્યનું આયોજન બનાવો. સફળ રહો.

**મકર (ખ.જ.) :-** તમે કાર્યનાં બોજા હેઠળ દબાયેલા હોય બપોરથી મહત્વના કાર્યો અધુરા રહેતા પીછેહઠ કરવી પડે.

**કુંભ (ગ.શ.સ.) :-** તમારા રૂટિન કાર્યમાં અલગથી કમાણી થાય. શારીરિક માનસિક અસ્વસ્થતા રહેતા ઉદ્વેગ પ્રવર્તે

**મીન (દ.ચ.ઝ.) :-** તમારા મનની અસ્થિરતાને કારણે કામકાજ ગુમાવો, બપોરથી આત્મવિશ્વાસ કેળવો. યોગ્ય નિર્ણય લઇ આગળ વધો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૧/૦૬/૨૦૨૦, સોમવાર, જેઠ સુદ-૧૦
સૂર્યોદય-૬-૦૪, સૂર્યાસ્ત-૭-૪૪, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ હસ્ત

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૦૪ થી અમૃત-૭-૪૪ સુધી, ૯-૨૪ થી શુભ-૧૧-૦૫ સુધી, ૧૪-૨૫ થી ચલ-લાભ-અમૃત ૧૯-૨૬ સુધી, ૧૯-૨૬થી ચલ-૨૦-૪૬ સુધી<br>- શુભ હોરા-<br>૬-૦૪ થી ૭-૧૧ સુધી, ૮-૧૭થી ૯-૨૪ સુધી, ૧૧-૩૮થી ૧૪-૫૯ સુધી, ૧૬-૦૫થી ૧૭-૧૨ સુધી |

# ફિલ્મ જગતમાં છવાયો અંધકાર, હજારો કલાકારો અને કસબીઓ બન્યા બેરોજગાર

### ફિલ્મ અભિનેતા મલ્હાર ઠાકર, લોકગાયક આદિત્ય ગઢવી, ફિલ્મ ડાયરેક્ટર અને પ્રોડ્યુસર અભિલાષ ધોડા, અને રંગમંચ ભૂમિના જાણીતા કલાકાર પ્રેમ ગઢવીએ જણાવ્યું શું છે વર્તમાન સ્થિતિ

અભિનેતા મલ્હાર ઠાકરનું કહેવું છે કે તેમની આવનારી ફિલ્મ કેસરિયાનું શૂટિંગ લૉકડાઉનને લઈ અટકી પડ્યું છે.. કેસરિયાનું શૂટિંગ કચ્છમાં ચાલી રહ્યું હતું પરંતુ લોકડાઉનને લઈ તે છેલ્લા બે મહિનાથી બંધ છે.. તો સાથે તેમણે એ પણ કહ્યું કે હજુ પણ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને ફરીથી ઉજાગર થતા ઓછામાં ઓછો બેથી ત્રણ મહિનાનો સમય લાગી શકે છે. અભિનેતા મલ્હાર ઠાકરનું કહેવું છે કે તેમની આવનારી ફિલ્મ કેસરિયાનું શૂટિંગ લૉકડાઉનને લઈ અટકી પડ્યું છે.. કેસરિયાનું શૂટિંગ કચ્છમાં ચાલી રહ્યું હતું પરંતુ લોકડાઉનને લઈ તે છેલ્લા બે મહિનાથી બંધ છે.. તો સાથે તેમણે એ પણ કહ્યું કે હજુ પણ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને ફરીથી ઉજાગર થતા ઓછામાં ઓછો બેથી ત્રણ મહિનાનો સમય લાગી શકે છે.

અભિનેતા મલ્હાર ઠાકરનું કહેવું છે કે તેમની આવનારી ફિલ્મ કેસરિયાનું શૂટિંગ લૉકડાઉનને લઈ અટકી પડ્યું છે.. કેસરિયાનું શૂટિંગ કચ્છમાં ચાલી રહ્યું હતું પરંતુ લોકડાઉનને લઈ તે છેલ્લા બે મહિનાથી બંધ છે.. તો સાથે તેમણે એ પણ કહ્યું કે હજુ પણ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને ફરીથી ઉજાગર થતા ઓછામાં ઓછો બેથી ત્રણ મહિનાનો સમય લાગી શકે છે.

અભિલાષ ધોડાએ ફિલ્મ જગતમાં થઈ રહેલા કરોડો રૂપિયાના નુકસાન પર વાત કરતા કહ્યું અંદાજે ૧૦૦ કરોડથી વધારે નુકસાન થયું છે.. ફિલ્મ જગતમાં રોજ કમાઈને રોજ ખાનારા લોકોને મદદ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.. એટલું જ નહી ફરીથી ફિલ્મ જગત ધમધમતૂ થાય તે માટે પણ અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.. અભિલાષ ધોડાએ સરકારને પણ આ મામલે વાત કરી છે.. તેમણે ૧૧ પાનાનો લેટર સરકારને લખી કેટલીક રજૂઆતો કરી છે જે ફિલ્મ જગતને મદદરૂપ સાબિત થઈ શકે અભિલાષ ધોડાએ ફિલ્મ જગતમાં થઈ રહેલા કરોડો રૂપિયાના નુકસાન પર વાત કરતા કહ્યું અંદાજે ૧૦૦ કરોડથી વધારે નુકસાન થયું છે.. ફિલ્મ જગતમાં રોજ કમાઈને રોજ ખાનારા લોકોને મદદ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.. એટલું જ નહી ફરીથી ફિલ્મ જગત ધમધમતૂ થાય તે માટે પણ અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.. અભિલાષ ધોડાએ સરકારને પણ આ મામલે વાત કરી છે.. તેમણે ૧૧ પાનાનો લેટર સરકારને લખી કેટલીક રજૂઆતો કરી છે જે ફિલ્મ જગતને મદદરૂપ સાબિત થઈ શકે.અભિલાષ ધોડાએ ફિલ્મ જગતમાં થઈ રહેલા કરોડો રૂપિયાના નુકસાન પર વાત કરતા કહ્યું અંદાજે ૧૦૦ કરોડથી વધારે નુકસાન થયું છે.. ફિલ્મ જગતમાં રોજ કમાઈને રોજ ખાનારા લોકોને મદદ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.. એટલું જ નહી ફરીથી ફિલ્મ જગત ધમધમતૂ થાય તે માટે પણ અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.. અભિલાષ ધોડાએ સરકારને પણ આ મામલે વાત કરી છે.. તેમણે ૧૧ પાનાનો લેટર સરકારને લખી કેટલીક રજૂઆતો કરી છે જે ફિલ્મ જગતને મદદરૂપ સાબિત થઈ શકે

લોક ગાયક આદિત્ય ગઢવી કહી રહ્યા છે કે લૉકડાઉનમાં તેમના અનેક શો રદ થયા છે.. અને આગામી સમયમાં સ્થિતિ રાબેતા મુજબ થશે તો ડાયરા શો ફરીથી જામશે.. લોકો પણ ડાયરાને માણવા માટે એટલા જ આતુર છે... એટલું જ નહી આદિત્ય ગઢવીએ એ પણ કહ્યું કે લૉકડાઉનમાં લોકો સુધી પહોંચવા માટે તે સોશિયલ મીડિયાનો સતત ઉપયોગ કરી રહ્યા છે. જેથી કરી તેમના ફેન્સ તેમને ઘરે બેઠા માણી શકે લોક ગાયક આદિત્ય ગઢવી કહી રહ્યા છે કે લૉકડાઉનમાં તેમના અનેક શો રદ થયા છે.. અને આગામી સમયમાં સ્થિતિ રાબેતા મુજબ થશે તો ડાયરા શો ફરીથી જામશે.. લોકો પણ ડાયરાને માણવા માટે એટલા જ આતુર છે... એટલું જ નહી આદિત્ય ગઢવીએ એ પણ કહ્યું કે લૉકડાઉનમાં લોકો સુધી પહોંચવા માટે તે સોશિયલ મીડિયાનો સતત ઉપયોગ કરી રહ્યા છે. જેથી કરી તેમના ફેન્સ તેમને ઘરે બેઠા માણી શકે

લોક ગાયક આદિત્ય ગઢવી કહી રહ્યા છે કે લૉકડાઉનમાં તેમના અનેક શો રદ થયા છે.. અને આગામી સમયમાં સ્થિતિ રાબેતા મુજબ થશે તો ડાયરા શો ફરીથી જામશે.. લોકો પણ ડાયરાને માણવા માટે એટલા જ આતુર છે... એટલું જ નહી આદિત્ય ગઢવીએ એ પણ કહ્યું કે લૉકડાઉનમાં લોકો સુધી પહોંચવા માટે તે સોશિયલ મીડિયાનો સતત ઉપયોગ કરી રહ્યા છે. જેથી કરી તેમના ફેન્સ તેમને ઘરે બેઠા માણી શકે. પ્રેમ ગઢવી અત્યાર સુધી ફિલ્મ અને નાટકોમાં અભિનય કરી ચૂક્યા છે. ૧૦૨ નોટઆઉટ, પાડાની પોળ જેવા ખુબસરસ નાટકો આપી ચૂક્યા છે. પ્રેમ ગઢવી કહી રહ્યા છે કે લૉકડાઉનમાં થિયેટર હૉલમાં નાટક ભજવવાનું બંધ થતા અનેક લોકો આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યા છે. કેટલાક એવા પણ કલાકારો છે જે આર્થિક સ્થિતિ સારી ના હોવા છતાં કોઈને કઈ શકતા નથી. તેઓ આશા રાખી રહ્યા છે કે જલદીથી આ સ્થિતિ સામાન્ય થાય. પ્રેમ ગઢવી અત્યાર સુધી ફિલ્મ અને નાટકોમાં અભિનય કરી ચૂક્યા છે. ૧૦૨ નોટઆઉટ, પાડાની પોળ જેવા ખુબસરસ નાટકો આપી ચૂક્યા છે. પ્રેમ ગઢવી કહી રહ્યા છે કે લૉકડાઉનમાં થિયેટર હૉલમાં નાટક ભજવવાનું બંધ થતા અનેક લોકો આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યા છે. કેટલાક એવા પણ કલાકારો છે જે આર્થિક સ્થિતિ સારી ના હોવા છતાં કોઈને કઈ શકતા નથી. તેઓ આશા રાખી રહ્યા છે કે જલદીથી આ સ્થિતિ સામાન્ય થાય.પ્રેમ ગઢવી અત્યાર સુધી ફિલ્મ અને નાટકોમાં અભિનય કરી ચૂક્યા છે. ૧૦૨ નોટઆઉટ, પાડાની પોળ જેવા ખુબસરસ નાટકો આપી ચૂક્યા છે. પ્રેમ ગઢવી કહી રહ્યા છે કે લૉકડાઉનમાં થિયેટર હૉલમાં નાટક ભજવવાનું બંધ થતા અનેક લોકો આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યા છે. કેટલાક એવા પણ કલાકારો છે જે આર્થિક સ્થિતિ સારી ના હોવા છતાં કોઈને કઈ શકતા નથી. તેઓ આશા રાખી રહ્યા છે કે જલદીથી આ સ્થિતિ સામાન્ય થાય.

# દાહોદ જિલ્લામાં તીડના આક્રમણને ખાળવા તંત્ર સજ્જ

અભેસિંહ રાવલ દાહોદ




દાહોદ જિલ્લામાં તીડના આક્રમણને ખાળવા માટે તમામ પ્રકારની તૈયારી રાખવા માટે મળેલી બેઠકમાં સૂચના આપવામાં આવી છે. કલેક્ટર શ્રી વિજય ખરાડી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી રચિત રાજની ઉપસ્થિતિમાં મળેલી બેઠકમાં ખેતીવાડી સહિત વિભાગના તાલુકા મથકના તમામ અધિકારીઓને આ પ્રકારની સૂચના આપવામાં આવી છે. પર્ણભક્ષી તીડ ખેડૂતનો સૌથી જૂનો દુશ્મન છે. તીડ જયારે એકલદોકલ હોય ત્યારે સામાન્ય તીતીઘોડાની જેમ વ્યઅવાર કરે છે. તેને એકલ અવસ્થા કહેવામાં આવે છે. પણ જયારે સમુહ બનાવી હુમલો કરે ત્યારે પાક અને વૃક્ષોને બહુ જ નુકસાન કરે છે.

આ રણતીડની ઉત્પતિ રણ પ્રદેશમાં થાય છે. જેમ કે, આફ્રિકાનં રણ, મધ્યપૂર્વેના દેશો, અશિયા ખંડના અન્ય રણમાં તેની ઉત્પતિ થાય છે. તીડ પોતાના શરીરના બંધારણમાં ઝડપથી ફેરફાર કરી શકે છે. આ પહેલા જયારે, ગુજરાતમાં તીડનું આક્રમણ થયું ત્યારે હજારોના સમુહમાં આક્રમણ થયું હતું. આ વખતે ખરીફ પાકમાં પણ તીડના ત્રાસની શક્યતા રહેલી છે. કારણ કે, મીડઈસ્ટના દેશોમાં તીડના ઇંડાની કોલોની જોવા મળી છે.

તીડના ટોળા દિવસ દરમિયાન ઉડતા રહે છે. સાંજ પડતા ઝાડ, ઝાડીઓ તથા ખેતીના પાકો ઉપર રોકાણ કરે છે. આથી તીડના ઝૂંડને શોધવા માટે ખાસ સાંજનો સમય અનુકૂળ છે. કારણ કે સૂરજ ઉગતા જ તીડ ઉડવા માંડે છે. અત્યાર સુધી ખેડૂતો પરંપરાગત રીતે ચાલી આવતી પદ્ધતિ પ્રમાણે તીડને ઉડાડતા આવ્યા છે. જેમાં થાળી, ઢોલ પીટીને અવાજ દ્વારા તીડને ઉડાડવામાં આવે છે. હવે, તંત્ર દ્વારા ટ્રેક્ટર માઉન્ટેડ સ્પ્રેયર દ્વારા દવાનો છંટકાવ કરી તેનો નાશ કરવામાં આવે છે.

આજે મળેલી બેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ખરીફ મોસમમાં તીડના આક્રમણને રોકવા માટે ગ્રામકક્ષાએ લોકોને જાગૃત કરવા, કમિટિ બનાવવી ઉપરાંત તાલુકા અને જિલ્લા કક્ષાએ પણ કમિટિ બનાવી કન્ટ્રોલ રૂમ ખોલવામાં આવશે.

દાહોદ જિલ્લાના પ્રત્યેક ગામવાર માહિતી એકત્ર કરવામાં આવશે, જેથી તીડના આક્રમણ વખતે સમયસર પગલાં લઇ શકાય. ટ્રેક્ટર સંચાલિત પાવર સ્પ્રેયર, પાણીના ટેન્કરો, જંતુનાશક દવાના વિક્રેતાની યાદી બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી એમ. જે. દવે, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી જિતેન્દ્ર સુથાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# રાજુલાની પોલિટેકનીકમાં ઓનલાઇન સિવિલ એન્જીનિયરિંગનો વેબીનાર યોજાયો

રાજુલાની જી.એમ.બી. પોલિટેકનીક ખાતે તા. ૩૦મી મે ના રોજ સવારે ૧૧ વાગે ઈન્ટરનેશનલ વેબીનારનું આયોજન કરવામાં આવેલું હતું.આ વેબિનારનું આયોજન સિવિલ ડિપાર્ટમેન્ટના હેડ પ્રો. કે.વી.પટેલ અને ડિપાર્ટમેન્ટની તમામ ફેકલ્ટીસના સહયોગથી કરવામાં આવ્યું હતું. વેબીનારના વક્તા કૌશલ ઠક્કર (કેનેડા), આશિષ સોરઠીયા, વલય શાહ (સક્ષમ કન્સલ્ટન્ટ, અમદાવાદ) ધ્વારા ×સ્ટ્રક્ચર એન્જીનિયરિંગ× ઉપર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાંથી ૧૨૦ કરતા વિદ્યાર્થીઓ/પ્રોફેસરોએ આ વેબિનરમાં ભાગ લીધો હતો. કોલેજના પ્રિન્સિપાલ પ્રો.(ડો.) કે. એચ.વન્ડરા ધવારા સિવિલ ડિપાર્ટમેન્ટને વેબીનારનું આયોજન કરવા માટે અભિનંદન પાઠવ્યા હતા. વેબીનારના અંતમાં તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓ/પ્રોફેસરોને સર્ટિફિકેટ એનાયત કરાયા હતા.રિપોર્ટર.... ભરતભાઈ ખુમાણ અમરેલી

# ડીસાના નવા બસસ્ટેન્ડમાં ગુટખા પાન મસાલાની રિટેલ દુકાનદારો બેફામ ગ્રાહકો પાસે થી કંપની ભાવ કરતા વધારે ભાવ લેતા કેમેરા માં થયા કેદ




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સમગ્ર ભારતમાં કોરોનાવાયરસ ના પગલે લોકડાઉન પાર્ટ ૪ માં કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવ્યું છે ત્યારે લોકડાઉન પાર્ટ ૪ માં કેટલીક છૂટછાટ આપવામાં આવી છે જે છુટછાટમા પાન,મસાલા ગુટખા ના બંધાણીઓ માટે દુકાનો ખોલવાની છુટ આપવામાં આવી છે પરંતુ લોકડાઉન પાર્ટ ૪ માં ગુજરાત માં પાન,મસાલા ગુટખા ની દુકાનો ખોલવાની જાહેરાત ની સાથે પાન,મસાલા ગુટખાના વેપારીઓ બેફામ બની ગયા છે ગુટખા પાન મસાલા ભાવમાં ડબલ અને ત્રણ ઘણા ભાવ વધારો કરી દેવામાં આવ્યો હતો જેથી ગ્રાહકો લુંટાઈ રહ્યા છે ગુટખા-મસાલાના વેપારીઓ દ્વારા લોકડાઈન પાર્ટ ૩ માં ગુટખા પાન-મસાલા નો માલ બારો બાર કાળાબજારી કરીને વેચવામાં આવ્યો હતો જયારે લોકડાઉન પાર્ટ ૪ માં સરકાર દ્વારા પાનમસાલા ગુટખાની દુકાનો ખોલવાની છુટ આપવામાં આવતા ડીસા નવા બસસ્ટેન્ડમાં ગુટખા પાન મસાલા ના કેટલાક લેભાગુ વેપારીઓ માલની અછત ઊભી કરીને કાળાબજારી કરતાં માહિતી મળતા ત્યારે અમારા દેવરાજય ગુજરાત દૈનિક પેપર ના રિપોર્ટર દેવેન્દ્ર ઠાકોર દ્વારા સ્ટિંગ ઓપરેશન કરવામાં આવ્યું સ્ટિંગ ઓપરેશન માં જાણવા મળ્યું હતું કે તે જીગા નામનો રિટેલ દુકાનદાર કંપની ભાવ કરતા વધારે ભાવ લેતા હોવાનું માલૂમ પડ્યું હતું. જયારે તોલમાપ વિભાગ મોટા હોલસેલ વાળા વેપારીઓ ને તો દંડ કરે જ છે તો સુ આ બાબતે તોલમાપ વિભાગના અધિકારી દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરી કોઈ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે ખરી ?

# અરવલ્લીના મોડાસા શહેરના ત્રણ વિસ્તાર અને તેની આસપાસના એરીયાનો કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવેશ

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના દિન પ્રતિ દિન કેસોમાં વધારો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ પ્રતિબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ મોડાસા શહેરના પાર્થ ડુપલેક્ષ, બાપુવાડા અને ખાડીયા ફળી વિસ્તારમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એકટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે. જેમાં COVID-19 નો કેસ મળી આવતા મોડાસા શહેરના બાપુવાડા વિસ્તાર અને તેની આસપાસના ફકીર ફળી, ઘાંચી આરોગ્ય કેન્દ્રની આસપાસનો વિસ્તાર તેમજ ખાડીયા ફળી અને તેની પાસેના શેખવાડા તથા પાર્થ ડુપલેક્ષની આસપાસના પાર્ક એવન્યુ તેમજ કેશરકુંજ સોસાયટી વિસ્તારોને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ પાંચ કિ.મી ત્રિજયામાં આવેલ વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.

આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા ૧૧ જુન ૨૦૨૦સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# કપરાડા તાલુકામાં કોરોના કપરા કાળમાં વિકટ પરિસ્થિતિમાં યુવા ક્રાંતિ મિશન જરૂરિયાત મંદ લોકોની પડખે

સતિષ પટેલ વલસાડ

વલસાડ જિલ્લાના આદિવાસી વિસ્તારના કપરાડા તાલુકાના તલાટ ગામોમાં ૩ જા રાઉન્ડમાં સુખાલા મોટપોઢા અંભેટી કાકડકોપર ઓઝર ગામોમાં આજે કીટ વિતરણ વલસાડ જિલ્લા યુવા ક્રાંતિ મિશન ૨૦૨૦ નું મુખ્ય જિલ્લા નું સેન્ટર લાલ બહાદુર શાસ્રી સાર્વજનિક હાઈસ્કૂલ સુખાલા ગામે કીટ વિતરણ કરવામાં આવ્યું. સ્વ બરજુલ પટેલ રાહત સમિતિ ચેરમેન વસંતભાઈ પટેલના નેતૃત્વમાં જરૂરિયાત મંદ લોકો માટે આવશ્યક ચીજ વસ્તુઓની કીટ વિતરણમાં સ્વ. બરજુલભાઇ પટેલના પત્ની મણીબેન બરજુલ ભાઇ પટેલ કથાકાર ભાવેશભાઈ શાસ્ત્રી ઉપસ્થિતિ રહ્યા હતા.વલસાડ જિલ્લા યુવા ક્રાંતિ મિશનનું મુખ્ય સેન્ટર સુખાલા ગામે કથાકાર ભાવેશ શાસ્ત્રી એ જણાવ્યું કે સમગ્ર વિશ્વમાં કોરોના કપરો કાળ એવો છે કે દરેક માણસ પોતાની જાતને બચાવવા બહાર નીકળતો નથી ત્યારે કપરા કાળ મુશ્કેલીના સમયે સામાન્ય માણસ માટે અનેક મુશ્કેલીઓ વેઠવી પડી છે એવા સમયે સામાન્ય વ્યક્તિ જરૂરિયાત મંદ લોકો સુધી વલસાડ જિલ્લા યુવા ક્રાંતિ મિશનના યુવાનોની ટીમ વિકટ પરિસ્થિતિમાં સરાહનિય કામ કરી રહી છે એનો હું પણ સાક્ષી છું વલસાડ જિલ્લા યુવા ક્રાંતિ મિશન ચેરમેન વસંત પટેલે જણાવ્યું કે જરૂરિયાત મંદ લોકોને જે કિટ વિતરણ વ્યવસ્થા કરવામાં આવી છે હવે ગામડાઓમાં અંતિમ તબક્કામાં બાકી છે. જે ટૂંક સમયમાં જરૂરિયાત મંદ લોકોને પહોંચી જશે. જ્યાં જરૂરિયાત હશે ત્યાર શુધી અમારી ટિમ દ્વારા સેવા ચાલુ રહેશે. સરકારના આદેશ મુજબ સોશિયલ ડીટન્ટ નું પાલન કરવાનું છે. સ્વસ્થ સુખી ઘરમાં રહેવુ સરકારના આદેશનું પાલન કરવા માટે વિનંતી કરી હતી. કીટ વિતરણ માં સુખાલા ગામના માજી. સરપંચ રાયચંદ ગાંવિત બાબુભાઇ ગાંવિત માજી તાલુકા સદસ્ય વિજય પટેલ અંભેટી સરપંચ કુસુમબેન પટેલ ડે. જીજ્ઞેશ પટેલ મોટાપોઢા સરપંચ અને અગ્રણી ગિરીશ પટેલ બાબુભાઇ પટેલ ગણેશભાઈ પટેલ ધોધડકુવા સરપંચ શંકરભાઇ પટેલ કાકડકોપર સરપંચ કંચનબેન કે.પટેલ ઓઝર સરપંચ લીલાબેન રસિકભાઈ રાઉત સહિત સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા

# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલ: જીજ્ઞા કપુરિયાં

ન્યૂઝ ઓફ ગાંધીનગર.
વિભાગ.ગદ્ય
શીષેક-સિદ્ધપુરનો રુદ્રમહાલય.

સિદ્ધપુર ઐતહાસિક રીતે શ્રી સ્થલ ને ઋગવેદમાં દાસુ ગાન તરીકે ઉલ્લેખ કરાયો છે. દંતકથા મુજબ ઋષિ દધિચિએ તેમના હાડકાં ઈન્દ્રને બનાવવા માટે. અહીં અપેણ કયો હતા.
સિદ્ધપુર ગંગા ને સરસ્વતિ નદીના સંગમ પર વસેલું છે..મહાંભારતના કાળમાં પાંડવોએ અજ્ઞાતવાસ માં અહીં રહ્યાં હતા.મથુરાના બ્રાહ્મણોએ વસવાટ કરેલો.

સોલકી કાળનું રુદ્ર મહાલય અગ્યાર મી સદીમાં બનાવાયું હતું ને ૧૩ મી સદીમાં તોડી પડાયું હતુ.વિધમી ના આક્રમણકારોએ આ ઐતહાસિક ઈમારતને નષ્ટ કરી નરસંહાર કયો હતો.
જે અગિયાર માળનો હતો,સોળસો થાંભલા હતા,સોળ બારણા ને હજાર શિવલિંગ હતા,હજાર ઘંટા હતા એકી સાથે વાગતા હતા.
રુદ્રમાળ મહારાજ સિધ્ધરાજ જયસિંહે બનાવેલો ને તેનું નામ
રુદ્રમાળ રાખેલું .અહીનું
શિવલિંગ રાજા શિરોહીણ પોતાના સામ્રાજય લઈ ગયો ને નવું નામ આપ્યું "શરણેશ્વર મહાદેવ."

એને ખંડિત મંદિર. સંકુલ અને પ્રાચીન સ્થાપત્ય કહેવાય છે. સોલંકી રાજાનાં વંશજોએ શરુ કરાવ્યુ ને સિંધ્ધરાજ જયસિંહ ના કાળમાં પૂણૅ થયું હતું. ગુજરાતનું સ્થાપત્યની,શિલ્પની, ભવ્ય ધમેસ્થાનો ઊભા કરવાની પ્રેરણા મૂળરાજે આપી . એના અવશેષો હજી પણ છે. ચાલીસ વષે પછી દેલવાડા,કિર્તિ સ્તંભરૂપ,વિમલશા નાં મંદિરો બંધાવ્યા.

રાજા મૂળરાજે પાછલી અવસ્થામાં શિવ ભકિતના. બાહ્ય ચિન્હોનાં શિખર રુપે સિદ્ધપુરમાં રૂદ્રપ્રસાદ કે રૂદ્રમહાલય બંધાવાની શરુઆત કરી .નાના મોટા કામો ને લીધે એમની હયાતીમાં કામ પૂણે ના થયું. પણ દેવી પ્રતિષ્ઠા રાજા મૂળરાજના સમયમાં થયેલી ૧૦૪૩ માં રૂદ્રમહાલયો દેવને પૂજીને મૂળરાજે દાન આપ્યાનું એક તામ્ર પત્રમાં લખેલું મળે છે.
જયારે મહાલય અંધૂરો હતો. પાછળથી પોણા બસો વષે પછી રાજા સિધ્ધરાજે નવેસરથી મોટા પાયા પર આ મંદિર આખું બનાવ્યું. સિધ્ધરાજનાં મરણ વખતે અધુરુ હતું .કલ્પના મુશ્કેલ હતી .કલા ને કોતરણી મનોહર હતી. ભવ્ય હતી.
ત્રણસો ફૂટ પહોળા મંદિરના આંગણાની વચ્ચે બે કે ત્રણ માળનું મંદિર હતું. પચાસ ફૂટ લાંબો સંભામંડપ ચારે દિશાએ. ચાર દ્વાર હતા. મંદિરની આસપાસ અગિયાર નાના મોટા મંદિરો હતા.
ચોકમાં નાની નાની ઓરડીઓ હતી. પૂવે દિશાના મુખ્ય દ્વાર થી સરસ્વતી ના પાણીની કનેલ હતી.ઈ સ.૯૮૩માં શરૂ થયેલું કામ ચૌદ વષે
ચાલેલું.અધુરૂ કામ રાજા
સિદ્ધરાજે પુરુ કયું.
બાર દરવાજા ને અગિયાર રુદ્રોની દેવકુલિકાઓ હતી.શિવ મંદિરના શિખરો પર સુવણે કળશ હતા.૧૬૦૦ ધજાઓ હતી ફરતે.ઘુમ્મટોની કિનારે રામાયણ ને મહાભારનાં પ્રસંગો થી કંડારેલી હતી.

ખંડેર અવસ્થામાં જોવા મળે છે. મહાલયનો નાનકડો અંશ માત્ર જ અવશેષ રૂપે છે. સોલંકી વંશની કલા- સમુદ્ધીની ઝાંખી કરાવે છે.
કહેવાય છે મંદિરનો વિનાશ પહેલાં અલાઉદીન ખિલજી અને ત્યાર બાદ અહમદશાહ પહેલાં મંદિરનો નાશ કરીને એક ભાગ મસ્જિદ માં ફેરવ્યો હતો.મંદિરનું તોરણ અને ચાર સ્થંભો હજી જળવાયેલા છે.
મંદિરના પશ્ચિમ ભાગમાં મસ્જિદ તરીકે ઉપયોગ કરાય છે.
સરકારી પરમીશન હોય તો જળાભિષેક. કરવા મળે છે.

એ સિવાય પણ સિદ્ધપરમાં માતૃગયા માટે બિંદુ સરોવર પ્રસિધ્ધ છે, અડવેશ્વર, ગોવિંદ માધવરાયનાં મંદિર, બોરી ઓનું ભવ્ય મકાન જેને ૩૬૫ બારી છે આજ પણ તેની સંભાળ લેવાય છે.
સરસ્વતીના તટ પર કારતકી પૂનમ સુધી મેળો ભરાય છે,મુકતિધામ ( સ્મશાન) દૂર દૂરથી લોકો આવે છે.
કહેવાય છે સરસ્વતી માતા કુંવારા હતા ને ત્યાં પરણેલું જોડું હાથ પકડીને પસાર નોતું થઈ શકતું..
રાગીની શુકલ "રાગ" (મુંબઈ, કાંદિવલી.)

ન્યુઝ ઓફ ગાંધીનગર
વિષય :- હેરિટેજ
હમ્પી,

પ્રાચીન અને મધ્યકાળના સ્મારકોમાં નું એક, યુનેસ્કોએ જેને વર્લ્ડ હેરિટેજ જાહેર કર્યું છે. એ કર્ણાટકમાં આવ્યું છે.

હમ્પી મધ્યકાળના હિન્દુ રાજ્ય વિજયનગર સામ્રાજ્યની રાજધાની હતી.તુંગભદ્રા નદીના કિનારે વસેલું આ શહેર 'હમ્પી' નામથી ઓળખાય છે અને હવે ખાલી ખંડેરોના રૂપમાં જ અવશેષો બચ્યા છે.એને જોવાથી પ્રતીતિ થાય છે કે કોઈ સમયમાં અહીં સમૃદ્ધશાળી સભ્યતા નિવાસ કરતી હસે.ભારતના કર્ણાટક રાજ્યમાં મૌજુદ આ શહેર ને યુનેસ્કોના વિશ્વના વિરાસત સ્થળોમાં પણ સામેલ કરવામાં આવ્યું છે.

દર વર્ષે અહીં હજારોની સંખ્યામાં પર્યટકો અને તિર્થયાત્રીઓ આવે છે. હમ્પી શહેરનો વિશાળ ફેલાવો ગોળ પથ્થના ડુંગરાઓમાં પથરાયેલો છે.ખાઇ અને ડુગરાઓની વચ્ચે ૫૦૦થી પણ વધારે સ્મારક ચિહ્નો છે. એમાં મંદિર, મહેલ, છુપા રૂમો,જુની બજારો, રાજભવન, કિલ્લો, ચબુતરો, રાજકોષ વગૈરે અસંખ્ય મકાનો છે.

હમ્પીમાં લગભગ બધા ધર્મોના મંદિરો આવેલા છે.એમાં વિઠ્ઠલ મંદિર પરિસર નિઃશંદેહ બધાથી શાનદાર સ્મારકોમાં નું એક છે.એના મુખ્ય હોલમાં લગાવેલા ૫૬ સ્થંભોને થપથપાવવા થી એનામાં સંગીતના સૂરો નિકળે છે.હોલના એક ભાગમાં પ્રસિદ્ધ શિલા-રથ છે, જે વાસ્તવમાં પથ્થરના પૈડાંથી ચાલે છે.

હમ્પી માં એવા અનેક આશ્ચર્યો છે. જેવી રીતે કે, અહીં રાજાઓને અનાજ કે સોના, રૂપિયા થી વજન કરીને અહીંનાં ગરીબો ને આપી દેવામાં આવતું હતું. રાણીઓ માટે ના સ્નાનાગાર માટે ની ગલીઓ, ઝરુખા જેવી છત્તો, અને કમલના આકારના ફુવારાઓથી સજાવેલા હતા.એના સિવાય કમલ મહેલ અને રાણી મહેલ પણ આશ્ચર્ય માં મુકી દે એવા છે.એક-બે માળના મકાનોના રસ્તાઓ, એમાં તડકો અને હવા લેવા માટે કોઈ ફુલની પત્તીઓની જેમ બનાવ્યું છે.શહેરના શાહી પ્રવેશ દ્વાર પર હજારા રામમંદિર આવેલું છે.

ખંડેરોની ભવ્યતા પણ કેટલી ખુબસુરત હોય છે ,એ આ 'હમ્પી' ને જોઈને ખ્યાલ આવે.

હમણાં સબ ટીવી પર જે સિરિયલ આવે છે "તેનાલી રામા" એ આ શહેર પરથી જ બનાવવામાં આવી છે.
"હિરછાંય"

-----------------------------------------------

ન્યૂઝ ઓફ ગાંધીનગર
વિભાગ- ગદ્ય
શીર્ષક - આપણા ગુજરાતનો સ્થાપત્યનો અમૂલ્ય વારસો મોઢેરાનું સૂર્યમંદિર

ભારતના પુરાતત્વ વિભાગે જેને સંરક્ષિત શિલ્પ સ્થાપત્ય તરીકે જાહેર કરેલ છે તથા યુનેસ્કોએ જેને ૨૦૧૪ માં વર્લ્ડ હેરિટેજ જાહેર કરેલ છે એવી આપણાં ગુજરાતની પ્રાચીન વિરાસત એટલે મોઢેરાનું સૂર્યમંદિર ! સૂર્યવંશી રાજા ભીમદેવ સોલંકીએ ઈ.સ?. ૧૦૨૬ માં આ મંદિર બંધાવેલું. જેમાં સૂર્યકુંડ, રંગમંડપ, સૂર્યમંદિર, પાંચ મોટા પ્રવેશદ્વાર તથા સભામંડપની રચના છે.ઈશાન ખૂણામાં મુખ્ય પ્રવેશદ્વારથી સભામંડપમાં પ્રવેશ થાય. હેરિટેજ ટ્રસ્ટ દ્વારા અહીં દર ઉત્તરાયણે ૩ દિવસનો ભવ્ય કાર્યક્રમ થાય જેમાં પ્રસિદ્ધ નૃત્યાંગનાઓના નૃત્ય તથા ભવ્ય લાઈટ શોનું આયોજન કરાય છે. મુખ્ય પ્રવેશદ્વાર પર ભવ્ય કિર્તીતોરણ હતું જે ૧૨ મી સદીમાં ભીમદેવને હરાવનાર મુસ્લિમ રાજા મહમદ ગઝનીએ તોડી પાડેલું.

આ મંદિરના પથ્થરો સેન્ટ સ્ટોનના છે, જે ધ્રાંગધ્રાથી લાવવામાં આવેલા. આશ્ચર્ય એ વાતનું છે કે પથ્થરોને ક્યાંય ચોંટાડ્યા નથી ! ફક્ત ઈન્ટરલોક સિસ્ટમથી લોક કરેલા છે. પરીણામે ભૂકંપની કોઈ અસર સ્થાપત્ય પર થતી નથી.

કુલ ૫૨(૫૨) સ્તંભ પર મંદિરનું નિર્માણ થયેલ છે.દરેક સ્તંભ પર રામાયણ, મહાભારત, કૃષ્ણલીલાના દ્રશ્યો કોતરેલા છે. મોઢેરાનું આખું મંદિર કમળ પર બનાવેલું છે. એમાં કુલ ૧૧ સ્ટેપની કોતરણી છે જેમાં, નીચે કમળ, બાદ કમાન, રાજઆસન, હાથી, મનુષ્ય, કુંભકળશ, દેવી-દેવતાઓ વગેરેના શિલ્પો છે.મનુષ્ય જીવનની જન્મથી મૃત્યુ સુધીની સફર શિલ્પીઓએ કોતરણીમાં આબેહૂબ કંડારી છે. સૂર્યકુંડ માં નાના મોટા ૧૦૮ મંદિરો છે.

મંદિરની રચના એવી રીતે કરેલ છે કે જેથી સૂર્યનું પહેલું કિરણ મંદિરના ગર્ભગૃહમાં પડે. બરાબર મોઢેરા ઉપરથી કર્કવૃત્ત ૨૩.૫ પસાર થાય છે.તેથી ૨૧ મી માર્ચ અને ૨૨ મી સપ્ટેમ્બરના રોજ સૂર્યકિરણો સીધા ગર્ભગૃહમાં સૂર્યભગવાનના મુગટ ઉપર પડતા. પરિણામે મંદિર, સૂર્યની જેમ જ ઝગમગી ઊઠતું.

મુસ્લિમ રાજાએ યુદ્ધ માં ગુંબજો, ભગવાનની મૂર્તિઓ, ગર્ભગૃહની સૂર્યદેવની મૂર્તિનો પણ નાશ કરેલો તથા હીરા ઝવેરાત લૂંટી લીધેલા.

સેન્ટ સ્ટોનનું મંદિર હોવાથી પવન અને પાણીનો ઘસારો લાગવાથી નક્શીકામ ઘસાવા માંડ્યું છે. છજ્જૈં દ્વારા નવું કોતરકામ કરીને શક્ય એટલું ફરીથી બનાવાય છે. પુરાતત્વ વિભાગ આ સ્થાપત્યની શક્ય એટલી જાળવણી કરી રહ્યું છે જે મેં મારી ૨૦૧૫ની મુલાકાત દરમ્યાન જાતે જોયું છે.
જયશ્રીબેન દેસાઈ.....અમલસાડ..૨૭/૦૫/૨૦૨૦

-----------------------------------------------
-
વિભાગ : ગદ્ય
શીર્ષક : "સહસ્ત્ર લિંગ પાટણનું એક કૃત્રિમ તળાવ."

સહસ્ત્રલિંગ તળાવ ઉત્તર તરફ રાણીની વાવ પાસે પાટણમાં આવેલું છે. આ તળાવનું બાંધકામ સોલંકી વંશના શાસન સમયે કરવામાં આવ્યું હતું. "સહસ્ત્રલિંગ તળાવ એટલે હજાર શિવલિંગનું તળાવ." રાજા દુર્લભરાયે બંધાવેલું આ તળાવ દુર્લભ સરોવર તરીકે ઓળખાય છે. હાલમાં તળાવ ખાલી અને ખંડિત અવસ્થામાં પડેલું છે.
આ તળાવ હિંદુ ધર્મ પ્રમાણે તેની જળ વ્યવસ્થા અને પવિત્રતાની શુધ્ધતા માટે સંપૂર્ણ પણે બંધાયેલું હતું. આ કૃત્રિમ તળાવનું બાંધકામ બધાં તળાવોથી અલગ અને
પાણીનું મૂલ્ય વાન સમજીને ઝીણવટપૂર્વક સિદ્ધરાજ જયસિંહે ઈ.સ.૧૦૪૨-૪૩માં સાત હેક્ટર વિસ્તારમાં
અવશેષો બહાર કાઢી બનાવેલું છે.

આ તળાવમાં સરસ્વતી નદીનું પાણી આવતું હતું. અને ૫ કિ.મીના અંતરે ફેલાયેલુ હતું.આ તળાવનાં કિનારે એક હજાર શિવલિંગો આવેલા છે.જેમાં એક હજાર ઘંટ પણ હતા.એ વખતે આરતી સમયે નાગ ઘંટ વગાડતા હતા.આ સત્ય ઘટના છે. જેના અવશેષો પુરાઈ ગયા છે. સહસ્ત્રલિંગ તળાવ નામ આ અસંખ્ય નાના શિવ મંદિર નામ પરથી પાડવામાં આવ્યું છે. આ શિવ મંદિર ૧૬ મી સદી સુધી સારી હાલતમાં હતું જેને કુલ ૪૮ થાંભલાઓ હતા. તેની પશ્ચિમ દિશામાં રુદ્ર કુપ આવેલ છે જે સરસ્વતી નદીમાંથી પાણી લાવવા માટે વ્યવસ્થા કરેલી છે.લગભગ ૪૦ મીટર જેટલું વ્યાસ છે.આ તળાવને હુમલા ઓમાં ત્રણ વાર તોડી નાખવામાં આવ્યું હતું છતાં તેની કોતરણી અને સુંદર ભવ્યતા હજુ અવશેષો સાથે સિમિત છે.
સિદ્ધરાજ જયસિંહે ઓડ જ્ઞાતિના રૂડાની પત્ની જસ્મા
ઓડણની સુંદરતા પર મોહી ગયા.અને એની સાથે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે જસ્માએ શ્રાપ આપ્યો હોવાથી
સહસ્ત્રલિંગ તળાવનું પાણી સુકાઈ ગયું હતું આ શ્રાપને દૂર કરવા માટે માનવ બલિની જરૂર હતી.એ સમયે નીચી
જ્ઞાતિના વીર મેઘમાયા (માયો) એ પોતાનું બલિદાન આપ્યું ને તળાવ પાણીથી છલોછલ ભરાઈ ગયું ને સિદ્ધરાજ જયસિંહે આ બલિદાનનું માન જાળવી તેની જ્ઞાતિને અન્ય નગરજનો સાથે રહેવાની છૂટ આપી.માતા મીનળ દેવીએ યાત્રા વેરો માફ કર્યો હતો.
એ સમયે ઈ.સ.૧૫૬૧ માં અકબરનો શિક્ષક બહેરામ ખાન મક્કા હજ માટે ગયો હતો. એ વખતે સહસ્ત્રલિંગ
તળાવનાં કિનારે હોળીમાંથી ઊતરતી વખતે મોત થયું હતું.
પાટણની પુણ્ય ધરતી પર માનવતાનું ઝરણું વહેતું કરી
વીર માયા, જસ્મા ઓડણની અમીકૃપા,માતા મીનળ દેવી ,સિદ્ધરાજ જયસિંહ જેવા રાજા અને સમાજમાં પ્રાચીન કાળમાં માનવતાનું પ્રમાણ પુરું પાડે છે હજુ પણ જસ્મા ઓડણની ડેરીઓ સહસ્ત્રલિંગ તળાવનાં કિનારે અડીખમ ઊભી છે.જે પાટણની ભોમકાને સદાય માટે ધબકતું રાખી.ઈતિહાસને પંથકમાં છબીની જેમ પ્રચલિત બનાવી દીધો છે.
ઉર્વશી મહેતા અમદાવાદ.






Good mroning Shina Trivedi 3rd Generation gujrit came from baroda gujrat mroe than 40 years back She is doughter of Lion Hina Trivedi bron in USA Who is serving others from age of 9th In class of 2020 she Received 9 different awards Multi language Highest award she deceive is presidential and Scholarship Shina is caring and helping kids who need help with home wrok ro family have Language barrier doing COVID-19 she keeping kids and elderly with airt panting wrok and helping them with food deliver to to there doro because they cant go out .she cant see no one in pain no kids need to suffer .I feel so proud when people say I'm shina's mom .I m so proud of her one single mom who wrok hard fro her kids and when kids do good feel so proud All kids from class of 2020 Congratulations .I see they are so strong doing like this time .God bless your 2020 will go in histroy .Thank you .

Lion Hina Trivedi Chicago INDO-US Lions Founder president FIA CHICAGO Trustee GOPIO CHICAGO Founder president AUCI CFO and mroe over 30 roganizations we serve last 35ys

# દાહોદ સુજલામ્ સુફલામ્ યોજનામાં ખોદાયેલા નગરાળાના તળાવમાં દાયકાઓ બાદ ભરઉનાળે પાણી

અભેસિંહ રાવલ

દાહોદથી જેસાવાડા જતાં લોકોને માટે કદાચ એ વાતનું આશ્ચર્ય હશે કે માર્ગમાં આવતું નગરાળા ગામનું તળાવ દાયકાઓ બાદ આ વર્ષે ઉનાળામાં પણ ભરાયેલું છે. સામાન્ય રીતે હોળી આસપાસ સૂકાઇ જતાં નગરાળા ગામનું તળાવ ભરઉનાળામાં પણ ભરાયેલા હોવાના બે કારણો છે, એક ગત્ત વર્ષે પડેલો સારો વરસાદ અને બીજું સુજલામ્ સુફલામ્ જળ અભિયાન ! આ યોજના અંતર્ગત ગત્ત વર્ષે ૬૧ હજાર ક્યુબિક મિટર ખોદવામાં આવેલા આ તળાવની સંગ્રહ શક્તિ વધતા ભરપૂર પાણી સચવાયું છે. તેના કારણે આસપાસ જમીન ધરાવતા કૃષકોને લીલાલહેર થઇ ગયા છે.પંચાયત સિંચાઇ વિભાગના અધિક મદદનીશ ઇજનેર શ્રી કે. એમ. વસૈયા કહ્યું કે, છેલ્લા બે વર્ષમાં તળાવને દોઢથી બે મિટર ઉંડુ કરવામાં આવ્યું છે. ત્રણ વર્ષ પહેલા નગરાળા ગામના આ તળાવની સંગ્રહશક્તિ એક એમસીએફટી હતી તે હવે વધીને ત્રણ એમસીએફટી થઇ છે. સુજલામ સુફલામ યોજના અંતર્ગત આ તળાવને ખોદવામાં આવતા તેની સંગ્રહશક્તિમાં બે એમસીએફટીનો વધારો થયો છે. તેના પરિણામે તળાવની આસપાસના ત્રીસેક જેટલા કૂવામાં પાણીના તળ ઉંચા આવ્યા છે અને કૃષિની ૨૦ હેક્ટર જમીનને ફાયદો થયો છે.

ગામના સરપંચ શ્રી જવસિંગ માવી કહે છે, તળાવની ખાસપાસના ખેડૂતો પહેલા માત્ર ખરીફ અને શિયાળું મોસમનો જ પાક લઇ શકતા હતા. કારણ કે, શિયાળો પૂરો થતાં થતાં કૂવામાં પાણી પણ પૂરા થઇ જતાં હતા. એટલે ઉનાળામાં તો કોઇ પાક લઇ જ શકાતા નહોતા. પણ, હવે સુજલામ્ સુફલામ્ જળ અભિયાનમાં અમારા ગામનું તળાવ સારા પ્રમાણમાં ઉંડુ થતાં ઉનાળામાં પણ પાણી રહ્યું છે. પહેલા વરસાદ સારો પડે તો પણ આટલાં લાંબા સમય સુધી પાણી રહેતું નહોતું. તેના કારણે ખડૂતોને ફાયદો થયો છે. હવે આસપાસના ખેડૂતો ત્રણ મોસમનો પાક લઇ શકે છે.

ગામના વયોવૃદ્ધ નાગરિક અને તાલુકા પંચાયતના સભ્ય શ્રી રૂમાલભાઇ ડામોર કહે છે, પહેલા તો ક્યારેક હોળી પહેલા સૂકાઇ જતું હતું. પણ, સુજલામ્ સુફલામ્ જળ અભિયાનમાં અહી સારૂ કામ થતાં દાયકાઓ બાદ ભરઉનાળે પણ તળાવમાં પાણી રહ્યું છે.

નગરાળા ગામના આ તળાવ પાસે જ વાડી ધરાવતા ગજેસિંહ ભૂરિયાએ આ વખતે ઉનાળું મોસમ પણ લીધી છે. ભીંડી, ગુવાર સહિતની શાકભાજીનું વાવેતર કર્યું છે. જેના કારણે અઠવાડિયામાં ત્રણ-ચાર હજારની આવક થઇ જાય છે. તેમની વાડીના કૂવામાં આ ઉનાળામાં ભરપૂર પાણી છે. પાણી એટલું ભર્યું છે કે, તમે નાનું દોરડું નાખી પાણી સિંચી શકો. તે કહે છે, સુજલામ્ સુફલામ્ જળ અભિયાન દરમિયાન તળાવમાંથી ખોદાયેલી માટી પણ અહીં નાખી છે. સામાન્ય રીતે ઉનાળામાં ખેડૂતોને આવકનો પ્રશ્ન હોય છે. પણ, આ વખતે ઉનાળામાં અમે શાકભાજીનું વાવેતર કરતા આવકનો પ્રશ્ન ઉકેલાઇ ગયો છે.

સુજલામ્ સુફલામ્ જળ અભિયાનના આ ત્રીજા ચરણમાં પંચાયત સિંચાઇ વિભાગ દ્વારા કુલ ૧૮૧ જળાશયોને ઉંડા કરવાના કામનું આયોજન કરાયું છે. આ માટે રૂ. અંદાજે રૂ. ૫૧૭ લાખનો ખર્ચ થશે. આ તળાવોની હયાત કુલ સંગ્રહ ક્ષમતા ૯૦૫ એમસીએફટી છે, તેમાં ૬૦ એમસીએફટીનો વધારો થશે. તાલુકાવાર કામોની સંખ્યા જોઇએ તો દાહોદમાં ૪૨, ગરબાડામાં ૧૮, લીમખેડામાં ૮ અને ધાનપુરમાં ૧૬, સિંગવડમાં ૭, ઝાલોદમાં ૪૩, ફતેપુરમાં ૧૭, સંજેલીમાં ૯ તથા દેવગઢ બારિયા તાલુકામાં ૨૪ કામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્ય સિંચાઇ વિભાગ દ્વારા હાથ પર લેવાયેલા કામો તો અલગ ! દાહોદ જિલ્લામાં આ વખતે ઉનાળા પાકનું વાવેતર પાછલા ત્રણ વર્ષોના સરેરાશ કરતા વધ્યું છે. તેની પાછળનું એક કારણ સુજલામ સુફલામ જળ અભિયાન પણ ગણી શકાય ! આ વર્ષે કુલ ૯૪૬૬ હેક્ટર જમીનમાં ઉનાળું પાકનું વાવેતર થયું છે. જે સરેરાશ ૫૪૮૭ હેક્ટર કરતા વધારે છે. ઉનાળું પાકમાં મગ ૧૭૧૬ હેક્ટર, મગફળી ૨૦૨૯ હેક્ટર અને શાકભાજી ૨૭૧૨ હેક્ટરનું વાવેતર મુખ્ય છે.આમ, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દ્રષ્ટિવંત નેતૃત્વના પરિપાકરૂપ સુજલામ્ સુફલામ જળ અભિયાનને કારણે જળ, જમીન અને કૃષિને અમૂલ્ય ફાયદો થયો છે.

# અરવલ્લીના ભિલોડાના રાણી ઓડ તથા માલપુરના નાનાવાડા ગામનો કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના દિન પ્રતિ દિન કેસોમાં વધારો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ પ્રતિબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ ભિલોડાના રાણી ઓડ તથા માલપુરના નાનવાડા વિસ્તારમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એકટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે. જેમાં COVID-19 નો કેસ મળી આવતા ભિલોડાના રાણી ઓડ તથા માલપુરના નાનવાડા ગામની સોનારીયા ફળી વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ પાંચ કિ.મી ત્રિજયામાં આવેલ વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા ૧૧ જુન ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઇ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમીત ચાવડાએ

# ફેસબુકના માધ્યમથી ખેડૂતોની સમસ્યાઓને ઉજાગર કરી સરકાર સમક્ષ ખેડૂતોના હિતમાં સૂચનો કર્યા

ખેડૂતોના વિવિધ પડતર પ્રશ્નોને લઈને કિસાન કોંગ્રેસ સહીત ગુજરાતના તમામ ખેડૂતો સંગઠનો 'જગતતાત ડિજિટલ આંદોલન' ચલાવી રહ્યા છે ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમીત ચાવડાએ પણ આ ડિજિટલ પ્લેટફોર્મ ફેસબુકના માધ્યમથી ખેડૂતોની સમસ્યાઓને ઉજાગર કરી સરકાર સમક્ષ ખેડૂતોના હિતમાં સૂચનો કર્યા હતા.

ખેડૂતોની સમસ્યાઓને વાચા આપવા, ખેડૂતોનો અવાજ ઉઠાવવા માટે ખેડૂત આગેવાનોને અભિનંદન આપવા સાથે શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "ગતવર્ષે કોંગ્રેસ પક્ષે ખેડૂતોના પાકવીમાના પ્રશ્નને લઈને તાલુકા-જિલ્લા અધિકારીઓની કચેરીથી લઈને વિધાનસભા સુધી ખેડૂત પ્રતિનિધિઓને સાથે રાખીને ખેડૂતોનો અવાજ ઉઠાવેલો, રજૂઆત કરી હતી અને આંદોલન પણ કર્યા હતાં. કોંગ્રેસ પક્ષ સદાય ખેડૂતોની પડખે રહ્યો છે યુપીએ સરકાર દરમિયાન તત્કાલીન વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે સમગ્ર વિશ્વમાં મહામંદી હતી તેવા સમયે પણ દેશના ખેડૂતોના ૭૨ હજાર કરોડ રૂપિયાના દેવામાફ કર્યા હતા."ખેડૂતોના પડતર પ્રશ્નો, સમસ્યાઓને લઈનેશ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ×ખેડૂતોનો પાક નિષ્ફળ જાય ત્યારે પુરતી તપાસ કરી- સર્વે કરી ૧૦૦ ટકા પાકવીમો મળવો જોઈએ, વીમા કંપનીઓની મનમાની અને ગોલમાલના બદલે ખેડૂતોના હિતમાં પારદર્શક પદ્ધતિ સરકારે અપનાવવી જોઈએ.

વર્તમાન સમયમાં ખેડૂતો વધુને વધુ આર્થિક પાયમાલ થયા છે, દેવાદાર બન્યા છે. ખેડૂતો આત્મહત્યા કરવા મજબુર બન્યા છે. તમામ ખેડૂતોનો એક જ પ્રશ્ન છે કે મહેનતના પ્રમાણમાં ઉત્પાદનનો બજાર ભાવ પણ નથી મળી રહ્યો. ત્યારે કોંગ્રેસ પક્ષની સરકાર સમક્ષ માંગણી છે કે આવા કપરા સમયમાં ખેડૂતોને લોન આપી હાથ અદ્ધર કરવાને બદલે સરકારે તેમને સીધી જ આર્થિક સહાય આપવી જોઈએ.

સરકાર ૫૦ ઉદ્યોગપતિઓના ૬૮ હજાર કરોડ રૂપિયા માંડવાળ કરી શકતી હોય તો જગતના તાત ખેડૂતોના દેવા કેમ માફ ના કરે? કોંગ્રેસ પક્ષ સરકાર સમક્ષ ખેડૂતોના દેવામાફીની માંગણી કરે છે. આ ઉપરાંત ખેડૂતો પર કરેલા વિજળી અને પાણીના વિવિધ કેસો સરકાર પાછા ખેંચી માંડવાળ કરે.

ખેડૂતોને ઉત્પાદનના પૂરતા ભાવ, ટેકાના ભાવ નથી મળતા ત્યારે સરકાર સમક્ષ પ્રતીકાત્મક વિરોધ સ્વરૂપે કોંગ્રેસ કિસાન સેલના પાલભાઈ આંબલીયા અને ખેડૂતો ડુંગળી- એરંડો- કપાસ લઈને રાજકોટ કલેક્ટર કચેરીએ પીએમ કેર ફંડમાં આપવા ગયા ત્યારે તેમની ધરપકડ કરી તેમના પર અત્યાચાર ગુજારવામાં આવ્યો જે અત્યાચાર કરનારા અધિકારીઓ પર કડક કાર્યવાહી કરવામાં આવે અને સજા થાય ખેડૂતોના ઉત્પાદનના ભાવ આપવામાં સરકાર મદદરૂપ નથી થતી પરંતુ ખેડૂતોને ઉત્પાદનનો ખર્ચ ઘટાડવામાં મદદ કરવામાં આવે. સરકાર દ્વારા ખેડૂતોને સહાયના નામે મજાક કરી લોન આપવાને બદલે ખાતર-બિયારણ- વીજબીલ જેવી ખેતીની જરૂરિયાતોમાં ૪૦ ટકા સબસીડી આપવમાં આવે જેથી ઉત્પાદનનો ખર્ચ નીચો જાય તો જગતના તાતને આકરા મહેનત પસીના બાદ ખરા અર્થમાં આવક મળી રહે

જેમ અલગ અલગ ક્ષેત્ર માટે વિભાગો હોય છે તેમ કૃષિ પંચ બને અને કૃષિ માટે એક ચોક્કસ નીતિ બનાવવામાં આવે. વર્ષોથી આવી અનેક માંગણીઓને ખેડૂતો લડી રહ્યા છે જેના પ્રત્યે સરકાર ધ્યાન આપી નિરાકરણ લાવે.×અંતમાં શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ''આજે ખેડૂતોના ડિજિટલ આંદોલનની શરુઆત થઈ છે. હવે 'ખેડૂત બોલશે અને સરકાર સાંભળશે'. જ્યાં સુધી ખેડૂતોને તેમનો હક અને અધિકાર ના મળે ત્યાં સુધી લડાઈ ચાલુ રહેશે. કોંગ્રેસ પક્ષ ખેડૂતોના આ આંદોલનને સંપૂર્ણ સમર્થન અને ટેકો આપે છે.×

જયરાજસિંહ પરમાર
પ્રવક્તા-ગુજરાત પ્રદેશ કોંગ્રેસ

## અરવલ્લી માટે કોરોના જીવલેણ બન્યો

# કેસ ફેટાલિટી રેટ ૪.૨૩ % પહોંચ્યો, મોડાસા શહેરમાં ૩૭ દર્દીમાંથી ૪ લોકોના મોત થી ફફડાટ

અરવલ્લી બ્યુરો મોડાસા

ભારતમાં કોરોના વાયરસ મહામારીના ફેલાતા પ્રકોપની વચ્ચે કોરોના વાયરસના કેસમાં મૃત્યુદર ૩ ટકાથી ઘટીને ૨.૮ ટકા પહોંચતા દેશ માટે સારા સમાચાર આવ્યા છે કેસ ફેટાલિટી રેટ એટલે કે CFR પોઝિટીવ જોવા મળેલા તમામ દર્દીઓમાંથી કેટલાં ટકાના મોત થયા છે તે બતાવે છે બીજી બાજુ અરવલ્લી જીલ્લામાં કોરોનાની મહામારીએ હાહાકાર મચાવ્યો છે જીલ્લામાં ૧૧૮ લોકો કોરોનાથી સંક્રમિત બન્યા છે જીલ્લાનો સીએફઆર રેટ ૪.૨૩ % છે ત્યારે મોડાસા શહેરમાં કોરોનાના ૩૭ દર્દીઓમાંથી ૪ લોકોના મોત નિપજતા મૃત્યુદર કાબુમાં નહિ આવે તો સીએફઆર રેટમાં મોડાસા શહેર અને વસ્તીને દ્રષ્ટિએ સમગ્ર દેશમાં મોડાસા શહેર પ્રથમ નંબરે થોડા સમયમાં પહોંચી જાય તો નવાઈ નહિ...? આરોગ્ય વિભાગના સૂત્રો પણ આવું જ કઈ કહી રહ્યા છે. જે રીતે શહેરમાં લોકલ સંક્રમણને લીધે કુદકેને ભૂસકે કોરોનાનું સંક્રમણ અને મૃત્યુ આંક વધી રહ્યો છે તે જોતા નગરજનોમાં ફફડાટ ફેલાયો છે આરોગ્ય તંત્ર નક્કર કાર્યવાહી નહિ કરે અને પ્રજાજનો પણ સાવચેતી નહિ દાખવે તો મોડાસામાં કોરોના તાંડવ મચાવી શકે છે

દેશમાં કોરોનાનો ખતરનાક વાયરસ દેશમાં ઓછો ઘાતક સાબિત થઈ રહ્યો છે. બીજીબાજુ મોડાસા શહેરમાં કોરોના પ્રાણઘાતક બની રૌદ્ર સ્વરૂપ બતાવી રહ્યો હોય તેમ સમગ્ર જીલ્લામાં કોરોનાથી થયેલ ૫ મોત માંથી મોડાસા શહેરમાં લોકલ સંક્રમણનો સૌથી વધુ ખતરાનો ભય છે તેવા ભાગોળ અને આજુબાજુ સોસાયટી વિસ્તારના ૪ લોકોને કોરોનાનો કાળ ભરખી ગયો છે જેમાં બે કોરોનાગ્રસ્ત દર્દીઓએ છેલ્લા ૧૨ કલાકમાં સારવાર દરમિયાન દમ તોડી દીધો છે સતત વધી રહેલા મૃત્યુ આંકથી નગરજનો ભયભીત બન્યા છે

શહેરના લઘુમતી વિસ્તારમાં સતત કોરોનાના કેસ પોઝેટીવ મળી આવતા કોમ્યુનિટી ટ્રાન્સમિશનનું જોખમ ઉભું થયું છે ભાગોળ વિસ્તાર અને કસ્બા વિસ્તારમાં ગીચ વસ્તીમાં ફેલાયેલ કોરોનાની મહામારીને નાથવા આરોગ્ય તંત્રએ લોકલ સંક્રમણ થતું અટકાવવા કોરોના પોઝેટીવ દર્દીઓની કોન્ટેક હિસ્ટ્રી શોધી તાત્કાલિક કોરન્ટાઈન કરવામાં આવે, આક્રમક ટેસ્ટિંગ કરવામાં આવે તથા સમગ્ર વિસ્તારમાં સઘન સર્વે અને થર્મલ સ્ક્રીનિંગની કામગીરી કરવાની સાથે નક્કર કાર્યવાહી કરવામાં આવે તો કોરોના બેકાબુ બની અનેક લોકો અજગરી ભરડામાં સપડાઈ શકે છે મુસ્લિમ સમાજના લોકોમાં આરોગ્ય તંત્ર નક્કર કાર્યવાહી કરી કોરોના પ્રસરતો અટકાવે તેવી આશા સેવી રહ્યા છે .અરવલ્લી જીલ્લામાં કોરોના વાયરસને લઈને રેડ ઝોન બનેલા મોડાસા શહેરમાં ચોથા લોકડાઉનમાં અપાયેલી છૂટછાટો બાદ જનજીવન જાણે રાબેતા મુજબનું ના હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે લોકો બિન્દાસ્ત બની બજારોમાં ખરીદી કરવા અને અન્ય કામકાજ અર્થે મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે બજારમાં કેટલાક વેપારીઓ અને લોકો માસ્ક પણ દંડથી બચવા પહેરતા હોય તેમ ગાળાની નીચે લટકાવી રાખે છે તેમજ ધંધા રોજગારના સ્થળોએ બેંક, પોસ્ટ બજારોમાં સોશ્યલ ડિસ્ટન્સ પણ જળવાતું ન હોવાથી લોકલ સંક્રમણ વધશે તેવી ભીતિ સેવાઈ રહી છે મોડાસા શહેરમાં કન્ટેન્ટમેન્ટ ઝોનમાં લોકડાઉનના નક્કી કરેલ નિયમોનું ચુસ્ત અમલ થવો જોઈએ તેમાં ઢીલાસ જોવા મળી રહી છે શહેરીજનો જાણે હવે લોકડાઉનની થાક્યા હોય તેમ બહાર નીકળી રહ્યા છે

મોડાસાના દાઉદભાઈ સુથારને અન્ય શારીરિક તકલીફો હોવાની સાથે શંકાસ્પદ કોરોનાના લક્ષણો જોવા મળતા મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલના તબીબોએ દાઉદભાઈને હિંમતનગર સારવાર અર્થે ખસેડવા જણાવ્યું હતું પરંતુ પરિવારજનોએ અહીજ સારવાર કરવા તબીબોને જણાવતા તબીબોએ સારવાર હાથધરી હતી વૃધ્ધનો કોરોનાનો રિપોર્ટ ચાર દિવસ થવા છતાં નથી આવ્યો અને દાઉદભાઈ સારવાર વગર કણસી રહ્યા હોવાનો તેમના કોરોના પોઝેટીવ પુત્ર ઈરફાને બનાવી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો જેથી તંત્રમાં હડકંપ મચ્યો હતો જોકે દાઉદભાઈના પુત્રએ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ થયાના ગણતરીના કલાકોમાં પત્રના માધ્યમથી કોવીડ હોસ્પિટલની સેવાઓ બિરદાવી હતી અને

વિડીયો વાયરલ કરનાર પુત્રએ પણ કોવીડ હોસ્પિટલમાં સારી સારવાર મળતી હોવાનો અને તેને વિડીયો ખોટી રીતે બનાવ્યો હોવાનો અન્ય વિડીયો બનાવી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો ત્યારે વૃદ્ધ દાઉદભાઈ કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ આવ્યાના ગણતરીના કલાકોમાં મોત નિપજતા ચકચાર મચી હતી

# વિશ્વમાં સૌથી જુની સેનેટાઈઝ પદ્ધતિ સમાન ગાયત્રીયજ્ઞ મોડાસા ક્ષેત્રમાં ૩૦૦૦ થી વધુ ઘરોમાં સંપન્ન



મોટી ઈસરોલ, તા.૩૧

કોરોના વાયરસના પ્રભાવથી સમગ્ર વિશ્વ ચિંતા ગ્રસ્ત છે. ત્યારે રોગોના જીવાણુંઓથી વાતાવરણને સેનેટાઈઝ કરવામાં લાભદાયક ભારતીય સંસ્કૃતિમાં અદ્દભૂત પ્રયોગ એવા યજ્ઞનું પણ વિશેષ મહત્વ છે. જેમાં અગ્નિમાં શુદ્ધ ભાવનાથી મંત્રોચ્ચાર સાથે ઔષધીય જડીબુટ્ટીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ હવન સામગ્રી હોમવામાં આવે છે . તે અનેક ઘણી સૂક્ષ્મ ઉર્જા માં પરિવર્તન પામે છે. જે રોગોના જીવાણુઓ નાશ કરવામાં અસરકારક ભૂમિકા ભજવે છે સાથે સાથે આસપાસના વિસ્તારને સેનેટાઈઝ કરે છે. તેમજ આ ઉર્જા વાન વાયુ મનુષ્યના શરીરમાં શ્વાસોશ્વાસ દ્વારા શરીરમાં જઈ લોહીમાં ભળી જવાથી વ્યક્તિમાં રોગપ્રતિકારક શક્તિમાં વૃદ્ધિ થાય છે. આ યજ્ઞ કાર્ય દરમિયાન ભાવ સંવેદનાથી થતાં મંત્રોચ્ચારથી આત્મબળમાં પણ વૃદ્ધિ થાય છે. આ યજ્ઞના આધ્યાત્મિક તેમજ વૈજ્ઞાનિક રીતે થતાં અદ્ભૂત લાભ આપતા યજ્ઞના મહત્વને જન જન સુધી પહોંચાડવાના પ્રયોગ રુપે અખિલ અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ ,હરિદ્વાર દ્વારા વિશ્વભરમાં એકજ દિવસે એક સાથે ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ આંદોલન ૩૧ મે ના રોજ રાખવામાં આવ્યું . જેમાં વિશ્વસ્તરે સો જેટલાં દેશો સહિત ભારતભરમાં અને ગુજરાતમાં તમામ જિલ્લા સહિત અરવલ્લી જીલ્લામાં બાયડ ,ધનસુરા, ભિલોડા, મેઘરજ, માલપુર સહિત મુખ્ય મથક મોડાસા તાલુકામાં પણ યજ્ઞ ઘેર ઘેર સ્વયં યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું . જેમાં આસપાસના ૩૦ જેટલા ગામોમાં અને મોડાસામાં પણ અનેક વિસ્તારોમાં ઘેર ઘેર ગાયત્રી યજ્ઞામાં ગાયત્રી મંત્ર અને મહામૃત્યુંજય મંત્ર બોલી હવન સામગ્રીથી આહુતિ આપવામાં આવી. ઉલ્લેખનીય છે કે મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા મળેલ જાણકારી અનુસાર મોડાસા ક્ષેત્રમાં ૨૫૦૦ ઘરોમાં સંકલ્પ હતો જે યજ્ઞના મહત્વની સાચી જાણકારી મળતા સૌમાં ઉત્સાહ વધતા ૩૦૦૦થી વધુ ઘરોમાં યજ્ઞ સંપન્ન થયા. જેમાં આ માટે ૮૦ પ્રકારની ઔષધીય જડી બુટ્ટીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ હવન સામગ્રી નિઃશુલ્ક આપવામાં આવી હતી.

જેને યજ્ઞ કર્મકાંડ જાતે ન ફાવતું હોય તેમને સોસીયલ મિડિયાના ઓનલાઈન માધ્યમ દ્વારા ડિજીટલ યજ્ઞ લીંક ઉપયોગ કરીને પણ સૌને સ્વયં પોતાના ઘેર યજ્ઞ કરવા વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. જેથી હાલની સ્વાસ્થ્યની વિકટ પરિસ્થિતિમાં નિયમો અનુસાર સરળ રીતે પોતાના ઘેર જાતે જ યજ્ઞ કરી શકે આ ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ અભિયાનમાં ખૂબજ સફળ પ્રતિસાદ મળ્યો છે. લાખો ઘરોમાં થઈ કરોડો લોકો આ યજ્ઞ પરંપરા અભિયાનમાં જોડાયા.જે આ પ્રયોગાત્મક યજ્ઞ આંદોલનની પ્રેરણા જો રોજીંદા જીવનમાં વણાઈ જાય તો કોરોના જેવા રોગો સામે લડવા આવા યજ્ઞ પ્રયોગ ખૂબજ સહાયરૂપ બની શકે છે.

# શ્રી એમ.ડી.પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, તખતપુરનું ગૌરવ

મોટી ઈસરોલ, તા.૩૧

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી ધ્વારા લેવાયેલ બી.એસ.સી સેમેસ્ટર-૧ ની પરીક્ષામાં જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એમ.ડી.પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, તખતપુરના છાત્રોએ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો છે.પ્રથમ ક્રમે પટેલ સ્નેહાબેન જે.(૯.૫ SGPA),દ્વિતીય ક્રમે પટેલ રુચીબેન એમ.(૮.૭૫ SGPA)અને તૃતીય ક્રમે પટેલ પ્રિયંકાબેન . આર. ( ૮.૪૭ SGPA) રહે છે. બી.એસ.સી સેમેસ્ટર-૧ નું કુલ પરીણામ ૯૯ % જેટલું ઉચ્ચ રહેવા પામ્યુ છે.ઉત્કૃષ્ઠ દેખાવથી સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેશભાઈ પટેલ,ટ્રસ્ટી શ્રી નીરવભાઈ પટેલ, તેમજ આચાર્યશ્રી અતુલભાઈ પટેલ તેમજ તમામ સ્ટાફ એ અંભિનંદન પાઠવ્યા છે.

# ખેડૂત ગુનેગાર નથી.શોષણ કર્યા બાદ પીડિત,શોષિત છે.

આજ રોજ ખેડૂત એકતા મંચ કચ્છના પ્રમુખ દ્વારા ગાંધીધામ સ્થિત મામલતદાર કચેરીએ ગત તા-૨૦/૦૫/૨૦૨૦ રોજ ખેડૂત આગેવાન પાલભાઈ અંબાલિયા રાજકોટ કલેકટરને ખેડૂત હિતલક્ષી આવેદનપત્ર આપવા જતાં રસ્તામાં જ રોકી ધરપકડ બાદ ઢોર માર મારી અમાનુષી અત્યાચાર કરેલ તે બાબતે જે કોઈ પોલીસ કર્મચારીએ આ દુષ્કૃત્ય કરેલ તેની સામે તાત્કાલિક અસરથી પગલા ભરી ફરજ મુક્ત કરી કડકમાં કડક સજા થાય તેવી માંગ સાથે ગાંધીધામના મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરી ખેડૂત અગ્રણી પાલભાઈ અંબાલિયાને ખેડૂત એકતા મંચ-કચ્છ હોદ્દેદાર પૂર્ણરૂપ સમર્થન આપીએ છે.

પ્રશાંત ભટ્ટ.ખેડૂત એકતા મંચ.પ્રમુખ.કચ્છ જિલ્લા.

# તાલુકા હેલ્થ કચેરી રાજુલા દ્વારા વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરાઈ

આરોગ્ય શાખા અમરેલીની તાલુકા હેલ્થ કચેરી રાજુલા દ્વારા ૩૧મી મે વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણી ×યુવાનોને તમાકુ ઉદ્યોગોની ચાલાકીથી તેમજ તમાકુ અને નિકોટીનના ઉપયોગથી બચાવવા×ના વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના થીમ પર ઉજવણી કરવામા આવી.




હાલ અત્યારે કોવિડ - ૧૯ની પ્રવર્તમાન મહામારીને ધ્યાને લઈ નોડલ ઓફિસર ટોબેકો કંટ્રોલ વ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.એચ.એફ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એન.વી.કલસરિયા,સુપરવાઈઝર સંજયભાઈ દવે અને તેમની હેલ્થ ટીમ દ્વારા ફેસબુક,વોટ્સઅપ,ટ્વીટર વગેરે જેવા માધ્યમો દ્વારા વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણી કરાઈ.જેમાં લોકોને તમાકુનુ સેવન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે,જીદંગી પસંદ કરો નહિ કે તમાકુ,કોવિડ - ૧૯ના સક્રમણને રોકવા જાહેર જગ્યા પર ના થુકવું તેમજ તમાકુના સેવાથી કેન્સર તેમજ અન્ય પ્રાણઘાતક બીમારીઓ નોતરી શકે છે જેવા સુત્રો/વાક્યો તેમજ અન્ય આઈ.ઈ.સી. દ્વારા લોકોમા જાગૃતતા લાવવાના પ્રયત્નો કરવામા આવી રહયા છે જે યાદીમા જણાવે છે.

રિપોર્ટર.... ભરતભાઈ ખુમાણ અમરેલી



જોરાવરનગર માં સ્વ (ડૉ) વૈધ ધનેશભાઇ રાવલ (ભુતપૂર્વ વૈધ પંચકર્મ વર્ગ- ૧ સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સુરેન્દ્રનગર) નાં સ્મરણાર્થે તા. ૩૧/૦૫/૨૦૨૦ ને રવિવાર નાં રોજ સવારે ૯ થી ૧૧ કલાકે જોરાવરનગર નાં મુખ્ય બજારોમાં કોરોનાં પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળા નું વિતરણ કરવાનું આયોજન કરેલ છે. તો દરેક ગ્રામજનો એ લાભ લેવા વિનંતી.

# માણાવદર પીએસઆઈ ધોકડીયા ની ટ્રાફિક ઝુંબેશ તથા જાહેર માર્ગો ની પેશકદમી દૂર કરાયા




માણાવદર પીએસઆઈ પી.વી. ધોકડીયા એ શહેરમાં રસ્તાઓ પહોળા હોવા છતાં સાંકડા કેમ ? તે ધ્યાને આવતા ઠેર ઠેર જાહેર માર્ગો ઉપર પેશકદમી કૃત્રિમ ઉભી કરાયેલ નજરેપડી આજે સવારે પીએસઆઈ ધોકડીયા જાતે પગપાળા ચાલી ને એક એક દૂકાનદારો કે જેઓએ દુકાન બહાર બેફામ ઓટલા,કેબીનો,રેકડીઓ રાખી જાહેર માર્ગો ઉપર પેશકદમી કરેલ તે વ્યક્તિઓને તાકિદ આ બધી જ અડચણો દૂર કરાવી જેથી શહેરના વાસ્તવિક જાહેર માર્ગો ખુલ્લા થયા તેના પરિણામ રૂપે ટ્રાફિક સમસ્યા હળવી થઇ અકસ્માત થતા પણ અટકશે

પીએસઆઈ ધોકડીયા ની ટીમ જાહેર માર્ગો ઉપર ની પેશકદમી દૂર કરી રહયા છે તે જોઇને શહેરીજનો મા હર્ષ ની લાગણી જન્મી છે કેમ કે સરાજાહેર વિશાળ જાહેર માર્ગો ઉપર આડેધડ પેશકદમી કરી રસ્તા સાંકડા કરી નાખ્યા હતા જેથી કોઇપણ નાગરિકને કોઇ દુકાને માલ લેવા જાય તો વાહનો રોડ ઉપર પાર્ક કરવા પડતાં ૯ થી માંડી ૧૫ ફૂટ સુધીની પેશકદમી કરી લીધી હતી ખરેખર તો દુકાનોમાં જ અંદર માલ રાખવાનો હોય છે તેના બદલે રોડ ઉપર બહાર માલસામાન ખડકી દેશે જાહેર માર્ગો ઉપર પેશકદમી કરી દીધી જે હટાવવાની કામગીરી થી ધણો ફાયદો થયો છે વધુમાં મુલાકાત માં જણાવ્યું કે હાલની કોરોના વાયરસ માં નાગરિકો સરકારશ્રીના નિયમો નું પાલન કરે માસ્ક પહેરે ડિસ્ટન્સ રાખે બીન જરૂરી બહાર ન નિકળે તે જન હિતમાં છે બધા સાથે રહીને કોરોનાને હરાવીએ તેમ જણાવ્યું હતુ .તસ્વીર અહેવાલ...જીજ્ઞેશ પટેલ માણાવદર

# અરવલ્લી જિલ્લામાં ૪૭૧ ઘરોના ૨૨૨૨ લોકોનું હાઉસ ટુ હાઉસ સર્વે કરાયો

## કોરોનાના મોડાસામાં ચાર અને ભિલોડા-માલપુરમાં એક-એક કેસ નોંધાયા



અરવલ્લી જિલ્લામાં શનિવારના રોજ મોડાસામાં ચાર અને ભિલોડા-માલપુરમાં કોરોના પોઝિટીવ એક-એક કેસ નોંધાતા જિલ્લામાં કોરોનાનો આંક ૧૧૮ પંહોચ્યો છે. જયારે કોરોના સંક્રમિત એક દર્દીનું મોત થતા સાથે જિલ્લામાં અત્યાર સુધી ચાર લોકોના મોત થયા છે. આ અંગે વિગત આપતા જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી જણાવ્યું હતું કે, જિલ્લામાં શનિવાર રોજ કોરોના પોઝિટીવના ૬ નવા કેસ નોંધાયા છે. જેમાં મોડાસાના ચાર,અને ભિલોડા-માલપુરના એક-એક કેસનો સમાવેશ થાય છે. જેને લઇ અન્ય લોકો સંક્રમિત ન થાય તેની તકેદારીના ભાગરૂપે નિયત્રિંત વિસ્તારમાં આરોગ્યની ૮ ટીમો દ્વારા ૪૭૧ ઘરોની ૨૨૨૨ લોકોનું ડોર ટુ ડોર સર્વે ની કામગીરી કરવામાં આવી છે તે પૈકી ૧૫૩ વ્યક્તિઓને કોરોનાને શંકાસ્પદ કોરાનાના લક્ષણ જણાતા હોમકોરેનન્ટાઇન કરવામાં આવ્યા છે. જિલ્લામાં કોરોનાની હાલની પરિસ્થિત અંગે વાત કરતા ઉમેર્યુ હતુ કે, જિલ્લામાં અત્યાર સુધી ૧૧૮ કેસ નોંધાયા છે. જેમાં શનિવારે નોંધાયેલ ૬ કેસ પૈકી મોડાસાના ૫૯ વર્ષિય પુરૂષને વધુ સારવાર અર્થે હિંમતનગર કોવિડ હોસ્પિટલ ખાતે રીફર કરાયા હતા. જયાં તેમનું મોત થયુ હતું. જેને લઇ જિલ્લામાં ભિલોડાના એક અને મોડાસાના ત્રણ મળી કુલ ચાર લોકોના મોત થયા છે. જયારે ૧૦૦ લોકોની સારવાર પૂર્ણ થતા ઘરે પરત મોકલયા છે. જિલ્લામાં નોંધાયેલા ૧૪ એક્ટીવ કેસ પૈકી વાત્રકની હોસ્પિટલમાં ૩ મોડાસમાં ૮ અને ૩ દર્દીઓને હિંમતનગર ખાતે રીફર કરવમાં આવ્યા છે. તો અમદાવાદ જિલ્લાનો દર્દી જે મોડાસા ખાતે સારવાર લઇ રહ્યાહતા તેમની સારવાર પૂર્ણ થતા રજા આપવમાં આવી છે. તો જિલ્લામાંઅત્યારે ૧૫૧૪ લોકોને હોમ કોરેન્ટાઇન કરાયા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.